# વેરા સમાધાન યોજના-૨૦૧૯ અંતર્ગત FAQ

## અનુક્રમણિકા


| અ.નં. | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧ | સમાધાન યોજનાની અરજી અંગે | ૨ |
| ૨ | સમાધાન યોજનાનો લાભ મેળવવાની પાત્રતા | ૭ |
| ૩ | નિયમિત વેપારીને સમાધાન યોજના હેઠળ મળવાપાત્ર લાભ | ૧૨ |
| ૪ | ટર્નઓવરમાં વધારો કરેલ હોય તેવા અન્વેષણનાં કેસો તથા યોજના અન્વયે તેઓને મળવાપાત્ર લાભ | ૧૬ |
| ૫ | સ્વમેળે જવાબદારી જાહેર કરતાં વેપારીઓનાં કેસમાં મળવાપાત્ર લાભ | ૨૧ |
| ૬ | ફકત વ્યાજ કે દંડનાં આદેશ થયેલ હોય તેવા વેપારીઓનાં કેસમાં મળવાપાત્ર લાભ | ૨૩ |
| ૭ | મોટર સ્પીરીટ ટેક્ષેશન એકટ, સુગરકેન પરચેકઝ ટેકસ એકટ તથા એન્ટ્રી ટેક્ષનાં વેપારીઓનાં કેસમાં મળવાપાત્ર લાભ | ૨૬ |
| ૮ | કેન્દ્રિય વેચાણવેરા કાયદા સિવાયની પેન્ડીંગ અપીલનાં કેસમાં મળવાપાત્ર લાભ | ૨૮ |
| ૯ | કેન્દ્રિય વેચાણવેરા કાયદાની પેન્ડીંગ અપીલનાં કેસમાં મળવાપાત્ર લાભ | 33 |
| ૧૦ | ખાતા દ્વારા કરવામાં આવેલ અપીલનાં કેસમાં મળવાપાત્ર લાભ | 3૮ |
| ૧૧ | અન્ય બાબતો | ૪૦ |


નોંધ – આ FAQs તા. ૦૬.૧૨.૨૦૧૯ નાં રોજની વેરા સમાધાન યોજના-૨૦૧૯ ની સરળ સમજૂતી માટે છે. કોઇ જોગવાઇનાં અર્થઘટન માટે વેરા સમાધાન યોજનાની જોગવાઇ અનુસાર નિર્ણય કરવાનો રહેશે.

# ૧. સમાધાન યોજનાની અરજી અંગે

પ્રશ્ન-૧.૧ વેરા સમાધાન યોજના ૨૦૧૯ માં ક્યા કાયદાઓ હેઠળની બાકી વસુલાતના સમાધાન માટે અરજી કરી શકાય છે ?

જવાબ નીચે મુજબના છ કાયદાઓ અન્વયે ઉપસ્થિત થયેલ એક કે વધુ વર્ષોની બાકી વસુલાત માટે આ સમાધાન યોજના હેઠળ અરજી કરીને લાભ લઇ શકાશે.

(૧) ગુજરાત વેચાણવેરા કાયદો, ૧૯૬૯

(૨) ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨003

(૩) ધી મુંબઇ સેલ્સ ઓફ મોટર સ્પીરીટ ટેક્ષેશન એકટ, ૧૯૫૮

(૪) ગુજરાત પરચેઝ ટેક્ષ ઓન સુગરકેન એકટ, ૧૯૮૯

(૫) કેન્દ્રિય વેચાણવેરા કાયદો, ૧૯૫૬

(૬) ધી ગુજરાત ટેક્ષ ઓન એન્ટ્રી ઓફ સ્પેસીફાઇડ ગુડસ ઇનટુ લોકલ એરીયાઝ એકટ, ૨00૧

પ્રશ્ન ૧.૨ સમાધાન યોજના હેઠળ લાભ લેવા માટે બાકી માંગણાની કોઇ મર્યાદા નકકી થયેલ છે કે કેમ ?

જવાબ ઉપરનાં ૬ કાયદાનાં કુલ માંગણા પૈકી અરજીની તારીખે બાકી વસુલાત રૂ. ૧૦૦ કરોડથી ઓછી હોય તેવા વેપારીઓ જ સમાધાન યોજના હેઠળ લાભ મેળવી શકે છે.

પ્રશ્ન ૧.૩ જો કોઇ વેપારીનાં કેસમાં ઉપરોકત કાયદાઓની કુલ બાકી વસુલાત રૂ. ૧૦૦ કરોડથી વધારે હોય પરંતુ કોઇ એક વર્ષમાં બાકી વસુલાત રૂ. ૩ કરોડ હોય તો વેપારી રૂ. ૩ કરોડની બાકી વસુલાત માટે લાભ લઇ શકશે ?

જવાબ ના. કારણ કે લાભ મેળવવા માટેની પાત્રતા ઉપરોકત તમામ કાયદાઓની કુલ બાકી વસુલાત ધ્યાને લઇને નકકી કરવાની છે.

પ્રશ્ન ૧.૪ સમાવિષ્ટ કાયદાઓ અન્વયે કયા કયા પ્રકારની વસુલાતનો સમાવેશ સમાધાન યોજનામાં થયેલ છે ?

જવાબ ૧) ઉકત ૬ કાયદા અન્વયે કરવામાં આવેલ આકારણી, ફેરઆકારણી, ફેરતપાસ કે અપીલ આદેશ અન્વયે બાકી હોય તેવી વસુલાત માટે સમાધાન યોજનામાં લાભ મેળવી શકાય છે.

૨) જે કેસમાં આકારણી, ફેરઆકારણી કે ફેરતપાસની કાર્યવાહી બાકી હોય તેવા કેસોમાં પણ વેપારી સ્વમેળે અરજી કરીને પણ સમાધાન યોજનામાં લાભ મેળવી શકાય છે.

૩) અપીલ કાર્યવાહી ચાલુ હોય તેવા વેપારીઓ પણ અમુક શરતોને આધીન લાભ લઇ શકશે. (વધુ વિગતો માટે અપીલ અંગેનાં FAQ જોવા વિનંતી)

પ્રશ્ન ૧.૫ સમાધાન યોજના હેઠળ અરજી કઇ તારીખ સુધીમાં કરવાની છે ?

જવાબ સમાધાન યોજના હેઠળ અરજી તા. ૧૦.૦૧.૨૦૨૦ સુધીમાં કરવાની રહે છે.

પ્રશ્ન ૧.૬ સમાધાન યોજનાની અરજી કઇ રીતે કરવાની છે ?

જવાબ સમાધાન યોજના હેઠળની અરજી તા. ૧૦.૦૧.૨૦૨૦ સુધીમાં ખાતાની વેબસાઇટ www.commercialtax.gujarat.gov.in ઉપર ઓનલાઇન કરવાની રહેશે. અપીલ અંગેનાં કેસોની અરજીની પ્રક્રિયા અલાયદી રીતે પણ કરવાની રહે છે.

પ્રશ્ન ૧.૭ વેપારીએ ઓનલાઇન અરજી કર્યા બાદ ઘટક કચેરીમાં ફરીથી અરજી કરવાની છે ?

જવાબ ના. વેપારીએ ફરીથી અરજી કરવાની નથી. પરંતુ ઓનલાઇન જે અરજી કરેલ છે તેની પ્રિન્ટ આઉટ સાથે જરુરી દસ્તાવેજો જેવા કે આદેશો / ડીમાન્ડ નોટીસ તથા ભરેલ ચલણોની નકલ સાથે સંબંધિત ઘટક કચેરીમાં રજુ કરવાની છે.

પ્રશ્ન ૧.૮ ઘટક કચેરીમાં ઉકત વિગતો રજુ કરવાની સમયમર્યાદા કઇ છે ?

જવાબ ઉકત વિગતો ઘટક કચેરીમાં રજુ કરવાની સમયમર્યાદા તા. ૧૮.૦૧.૨૦૨૦ છે.

પ્રશ્ન ૧.૯ સમાધાન યોજનાની અરજી કયા સમય સુધીનાં વ્યવહારો માટે કરી શકાય ?

જવાબ સમાધાન યોજનાની અરજી તા. ૩૦-૦૬-૨૦૧૭ સુધીનાં વ્યવહારો માટે કરી શકાય.

પ્રશ્ન ૧.૧૦ ટ્રાન-૧ નાં ફોર્મમાં વેરાશાખ જી.એસ.ટી. કાયદામાં કેરી ફોરવર્ડ કરેલ હોય તો પણ તા. ૩૦-૦૬-૨૦૧૭ સુધીનાં વ્યવહારો માટે લાભ લઇ શકાય ?

જવાબ હા. જો કોઇ વેપારીએ અગાઉનાં કાયદા હેઠળની વેરાશાખને જી.એસ.ટી. કાયદા હેઠળ ટ્રાન-૧ ફોર્મમાં કેરી ફોરવર્ડ કરેલ હોય તો આવા કેસમાં પણ તા. ૩૦.૦૬.૨૦૧૭ સુધીનાં વ્યવહારો માટે લાભ લઇ શકાય છે.

પ્રશ્ન ૧.૧૧ જો કોઇ આકારણી, ફેરઆકારણી, ફેરતપાસ કે અપીલનો આદેશ યોજનાનાં સમયગાળા દરમ્યાન કરવામાં આવે તો તેમાં પણ લાભ મળી શકે ?

જવાબ હા, આવા કેસમાં પણ લાભ મળી શકે. પરંતુ તા. ૧૦-૦૧-૨૦૨૦ પહેલા આદેશ થયેલ હોવો જોઇએ તથા આ આદેશ તા. ૩૦-૦૬-૨૦૧૭ સુધીનાં વયહ્વારો માટે હોવો જોઇએ. આ કેસમાં પણ અરજી તા. ૧૦-૦૧-૨૦૨૦ સુધીમાં જ કરી શકાય.

પ્રશ્ન ૧.૧૨ ઉકત ૬ કાયદાની અપીલ પેન્ડીંગ હોય તો યોજના હેઠળ અરજી થઇ શકે ?

જવાબ હા. ઉકત ૬ કાયદાની અપીલ પેન્ડીંગ હોય તો પણ યોજના હેઠળ શરતોને આધીન લાભ લઇ શકાય.

પ્રશ્ન ૧.૧૩ અપીલ પેન્ડીંગ હોય તો યોજનાનો લાભ લેવાની શરતો શું છે ?

જવાબ કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળની અપીલ સિવાયની જો અપીલ કાર્યવાહી ચાલુ હોય તો તેવી અપીલમાં કોઇ એક કે એકથી વધુ મુદાઓ પરત ખેંચીને લાભ લઇ શકાય છે.

પ્રશ્ન ૧.૧૪ કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળની અપીલ સિવાયની જો અપીલ કાર્યવાહી ચાલુ હોય તો તેવી અપીલમાં કોઇ એક કે એકથી વધુ મુદાઓ પરત ખેંચીને કઇ રીતે લાભ લઇ શકાય?

જવાબ આવા કેસમાં પરત ખેંચેલ મુદા કે મુદાઓ માટે મૂળ આદેશ મુજબનો વેરો ભરીને યોજનાનો લાભ લઇ શકાય છે.

પ્રશ્ન ૧.૧૫ કેન્દ્રિય વેચાણવેરા કાયદાની અપીલ પેન્ડીંગ હોય તો તેમાં યોજનાનો લાભ મળી શકે ?

જવાબ હા. કેન્દ્રિય વેચાણવેરા કાયદાની અપીલ પેન્ડીંગ હોય તો તેમાં પણ યોજનાનો લાભ મળી શકે છે.

પ્રશ્ન ૧.૧૬ કેન્દ્રિય વેચાણવેરા કાયદાની અપીલ પેન્ડીંગ હોય તો તેમાં યોજનાનો લાભ કઇ રીતે મળી શકે ?

જવાબ કેન્દ્રિય વેચાણવેરા કાયદાની અપીલ પેન્ડીંગ હોય તો તેવા કિસ્સાઓમાં પણ આ યોજના હેઠળ લાભ લઇ શકાય છે. આ માટેની પ્રક્રિયા યોજનામાં અલાયદી રીતે દર્શાવવામાં આવેલ છે. (વધુ વિગતો માટે અપીલ અંગેનાં FAQ જોવા વિનંતી)

પ્રશ્ન ૧.૧૭ કેન્દ્રિય વેચાણવેરા કાયદાની અપીલ પેન્ડીંગ હોય અને તેમાં ધારાકીય ફોર્મ્સ સિવાયનાં પણ મુદાઓ હોય તો યોજનાનો લાભ કઇ રીતે મળી શકે ?

જવાબ વેપારીની કેન્દ્રિય વેચાણવેરા કાયદાની અપીલ પેન્ડીંગ હોય અને તેમાં ધારાકીય ફોર્મ્સ સિવાયનાં પણ મુદાઓ હોય તો તે તમામ મુદાઓ પરત ખેંચીને યોજનાનો લાભ મેળવી શકાય છે.

પ્રશ્ન ૧.૧૮ કેન્દ્રિય વેચાણવેરા કાયદાની અપીલ પેન્ડીંગ હોય અને તેમાં ફકત ધારાકીય ફોર્મ્સનો મુદો હોય તો તેમાં યોજનાનો લાભ કઇ રીતે મળી શકે ?

જવાબ કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળની અપીલ પેન્ડીંગ હોય અને તેમાં ફકત ધારાકીય ફોર્મ્સનો મુદો હોય તો યોજનામાં જણાવેલ પધ્ધતિ પ્રમાણે યોજનાનો લાઇ લઇ શકાય છે.

પ્રશ્ન ૧.૧૯ કોઇ વેપારી કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળની અપીલ પડતર હોય અને તેમાં ધારાકીય ફોર્મ્સ સિવાયનાં મુદાઓ પરત ન ખેંચે તો તેવા સંજોગોમાં ધારાકીય ફોર્મ્સ અંગેનો લાભ લઇ શકે ?

જવાબ ના. કોઇ વેપારી કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળની અપીલ પેન્ડીંગ હોય અને તેમાં ધારાકીય ફોર્મ્સ સિવાયનાં મુદાઓ પરત ન ખેંચે ત્યાં સુધી ધારાકીય ફોર્મ્સ અંગે સમાધાન યોજનામાં લાભ ન લઇ શકે.

પ્રશ્ન ૧.૨૦ કોઇ વેપારી કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળની અપીલ પેન્ડીંગ હોય અને તેમાં ધારાકીય ફોર્મ્સનાં મુદા માટે કઇ રીતે લાભ મળશે ?

જવાબ આ માટે અપીલ અંગેનાં FAQ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧.૨૧ સમાધાન યોજના હેઠળ ભરવાની થતી રકમ કોણ નકકી કરશે અને વેપારીને તેની જાણ કેવી રીતે કરવામાં આવશે ?

જવાબ વેપારીએ ઓનલાઇન અરજી કર્યા બાદ તથા તેને સંલગ્ન પુરાવાઓ ઘટકમાં રજુ કરી દીધા બાદ સંબંધિત ઘટક અધિકારી દ્વારા દિન-૧૫ માં પરંતુ મોડામાં મોડું તા. ૨૮.૦૨.૨૦૨૦ સુધીમાં યોજના અન્વયે ભરવાની થતી રકમની જાણ વેપારીને કરવામાં આવશે.

પ્રશ્ન ૧.૨૨ વેપારીને ભરવાની થતી રકમની જાણ કઇ રીતે કરવામાં આવશે ?

જવાબ સંબંધિત ઘટક અધિકારી દ્વારા યોજના અન્વયે ભરવાની થતી રકમની જાણ વેપારીને ઓનલાઇન કરવામાં આવશે. તેથી વેપારીએ અરજી સમયે આપેલ ઇ-મેઇલ આઇ.ડી. તથા VATis સિસ્ટમમાં લોગીન થઇને વિગતો ચેક કરવાની રહેશે.

પ્રશ્ન ૧.૨૩ સમાધાન યોજનાની અરજી અન્વયે ભરવાની રકમ કઇ રીતે ભરવાની છે ?

જવાબ સમાધાન યોજના અન્વયે ઘટક અધિકારી દ્વારા જે રકમ ભરવાની નકકી કરવામાં આવે તે કુલ ૧૨ હપ્તામાં ભરવાની રહે છે.

પ્રશ્ન ૧.૨૪ ૧૨ હપ્તામાં રકમ કયા માસથી ભરવાના થાય ?

જવાબ વેપારીએ કુલ ભરવાપાત્ર રકમનાં ૧૦ ટકા રકમનો પ્રથમ હપ્તો તા. ૧૫.૦૩.૨૦૨૦ સુધીમાં ભરવાનો રહેશે. બાકીનાં ૧૧ સરખા હપ્તા એપ્રિલ-૨૦૨૦ થી ફેબ્રુઆરી ૨૦૨૧ સુધીમાં ભરવાનાં રહેશે.

પ્રશ્ન ૧.૨૫ એપ્રિલ ૨૦૨૦ થી ફેબ્રુઆરી ૨૦૨૧ સુધીનાં ૧૧ હપ્તા જે તે માસની કઇ તારીખ સુધીમાં ભરવાનાં છે ?

જવાબ એપ્રિલ ૨૦૨૦ થી ફેબ્રુઆરી ૨૦૨૧ સુધીનાં ૧૧ હપ્તા જે તે માસની છેલ્લી તારીખ સુધીમાં ભરવાનાં છે.

પ્રશ્ન ૧.૨૬ કોઇ વેપારીએ ૧૨ હપ્તાનાં બદલે તમામ રકમ એકસાથે ભરવી હોય ભરી શકાય ?

જવાબ હા. જે વેપારી તમામ રકમ એકસાથે ભરવા ઇચ્છતાં હોય તે વેપારી તેવું કરી શકે છે.

| | |
|---|---|
| પ્રશ્ન ૧.૨૭ | વેપારી તેઓનો નિયત હપ્તો જે તે માસનાં અંત સુધીમાં ના ભરી શકે તો શું યોજનાનો લાભ રદ થશે ? |
| જવાબ | ના. જો વેપારી જે તે માસમાં હપ્તાની રકમ ન ભરી શકે તો તે માસનાં અંત પછીથી ૨૦ દિવસ સુધીમાં ૧.૫ ટકા વધારાની રકમ ભરીને તે માસનાં હપ્તાની રકમ ભરી શકે છે. દા.ત. એપ્રિલ ૨૦૨૦ નો રૂ. ૧,૦૦,૦૦૦ નો હપ્તો તા. ૩૦.૦૪.૨૦૨૦ સુધીમાં ના ભરી શકે તો વેપારી તા. ૨૦.૦૫.૨૦૨૦ સુધીમાં રૂ. ૧,૦૦,૦૦૦ તથા વધારાની ૧.૫ ટકા રકમ રૂ. ૧૫૦૦ ભરીને યોજનાનો લાભ ચાલુ રાખી શકે છે. |
| પ્રશ્ન ૧.૨૮ | જો વેપારી જે તે માસનાં અંત સુધીમાં અને ત્યારબાદનાં ૨૦ દિવસ સુધીમાં પણ ઉપર મુજબ હપ્તો ભરપાઇ ના કરે તો યોજનાનો લાભ રદ થશે ? |
| જવાબ | હા. |
| પ્રશ્ન ૧.૨૯ | જો હપ્તો ન ભરવાને કારણે લાભ રદ થાય તો યોજના અન્વયે ભરાયેલ રકમને કઇ રીતે ગણતરીમાં ધ્યાને લેવાશે ? |
| જવાબ | જો હપ્તો ન ભરવાને કારણે લાભ રદ થાય તો યોજના અન્વયે ભરાયેલ રકમ કાયદાકીય જોગવાઇ અનુસાર ધ્યાને લેવામાં આવશે. |
| પ્રશ્ન ૧.૩૦ | વેપારીએ તા. ૧૧-૦૯-૨૦૧૯ ની સમાધાન યોજના હેઠળ અરજી તા. ૬-૧૨-૨૦૧૯ સુધીમાં સમાધાન યોજના હેઠળ અરજી કરેલ હશે તો તેઓએ ફરીથી અરજી કરવાની રહેશે ? |
| જવાબ | ના. આવા વેપારીઓએ ફરીથી અરજી કરવાની રહેશે નહીં. તેઓએ કરેલ અરજી ઉપર નવી યોજનાની જોગવાઇ હેઠળ જ લાભ આપવામાં આવશે. |
| પ્રશ્ન ૧.૩૧ | અગાઉની યોજના હેઠળ વેપારીએ અરજી કરેલ હોય અને તેમનાં કેસમાં આંશિક ભરણું પણ હોય તો હવે નવી યોજના હેઠળ ફરીથી અરજી કરવાની રહેશે ? |
| જવાબ | ના. આવા કેસમાં પણ ફરીથી અરજી કરવાની જરુરી નથી. આ કેસમાં પણ આંશિક ભરણાની અસર સંબંધિત ઘટક અધિકારી દ્વારા નવી યોજના મુજબ જ આપવામાં આવશે. |
| પ્રશ્ન ૧.૩૨ | સમાધાન યોજનાની અરજી કરવામાં કોઇ ટેકનિકલ મુશ્કેલી નડે તો તે માટે કોનો સંપર્ક કરવો ? |
| જવાબ | સમાધાન યોજનાની અરજી કરવામાં કોઇ ટેકિનકલ મુશ્કેલી નડે તો વેપારી **સંબંધિત ઘટક અધિકારી** અથવા ઇ-ગવર્નન્સ સેલનો ટેલિફોન નં. ૦૭૯-૨૬૫૯૫૦૦૦ / ૦૭૯-૨૬૫૭૬૮૫૬ અથવા ૦૭૯-૨૬૫૭૬૮૫૮ ઉપર સંપર્ક કરી શકે છે. |

## ૨. સમાધાન યોજનાનો લાભ મેળવવાની પાત્રતા

પ્રશ્ન ૨.૧ આ યોજના હેઠળ લાભ લેવા માટે જે તે કાયદા હેઠળનો નોંધણી નંબર હોવો ફરજીયાત છે ?

જવાબ હા. પરંતુ જે વેપારીઓની બિન નોંધાયેલ સમયની આકારણી (URD) થયેલ હોય તેવા વેપારીઓ પણ આ યોજના હેઠળ લાભ લઇ શકે છે. વધુમાં આ યોજના હેઠળ લાભ લેવા માટે હાલમાં નોંધણી નંબર ધરાવતાં હોવાનું જરુરી નથી.

પ્રશ્ન ૨.૨ કયા કાયદાની બાકી વસુલાત માટે લાભ લઇ શકાય ?

જવાબ નીચે જણાવેલ છ કાયદાઓ અન્વયે ઉપસ્થિત થયેલ એક કે વધુ વર્ષોની બાકી વસુલાત માટે લાભ લઇ શકાશે.

(૧) ગુજરાત વેચાણવેરા કાયદો, ૧૯૬૯

(૨) ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩

(૩) ધી મુંબઇ સેલ્સ ઓફ મોટર સ્પીરીટ ટેક્ષેશન એકટ, ૧૯૬૭

(૪) ગુજરાત પરચેઝ ટેક્ષ ઓન સુગરકેન એકટ, ૧૯૮૯

(૫) કેન્દ્રિય વેચાણવેરા કાયદો, ૧૯૫૬

(૬) ધી ગુજરાત ટેક્ષ ઓન એન્ટ્રી ઓફ સ્પેસીફાઇડ ગુડસ ઇનટુ લોકલ એરીયાઝ એકટ, ૨૦૦૧

પ્રશ્ન ૨.૩ ઉકત કાયદાઓની કયા આદેશ હેઠળની બાકી વસુલાત માટે લાભ મળી શકે ?

જવાબ ઉકત કાયદાઓની આકારણી, ફેરઆકારણી, ફેરતપાસ કે અપીલ કાર્યવાહીનાં આદેશ મુજબની બાકી વસુલાત માટે લાભ લઇ શકાય.

પ્રશ્ન ૨.૪ ઉકત ૬ કાયદાઓની ગમે તેટલી રકમ બાકી હોય તો પણ લાભ મળી શકે.

જવાબ ના. ઉકત ૬ કાયદાઓની અરજીની તારીખે કુલ બાકી વસુલાત રૂ. ૧૦૦ કરોડથી ઓછી હોય તેવા વેપારીઓ જ આ યોજના હેઠળ લાભ લઇ શકે.

પ્રશ્ન ૨.૫ ઉકત ૬ કાયદાઓની કુલ બાકી વસુલાત રૂ. ૧૦૦ કરોડથી ઓછી હોય તો તેવા તમામ કાયદાની તમામ બાકી વસુલાત માટે લાભ લેવો ફરજીયાત છે ?

જવાબ ના. ઉકત ૬ કાયદાઓની કુલ બાકી વસુલાત પૈકી કોઇ એક કે એકથી વધુ કાયદાની એક કે તેથી વધુ વર્ષ માટે પણ બાકી વસુલાત માટે લાભ લઇ શકાય.

પ્રશ્ન ૨.૬ જો વેપારી કોઇ એક કે તેથી વધુ કાયદા હેઠળ યોજનાનો લાભ લેવા માંગે તો તે કાયદાની તમામ વર્ષોની બાકી વસુલાત માટે લાભ લેવો ફરજીયાત છે ?

જવાબ ના. વેપારી કોઇ એક કે તેથી વધુ કાયદાનાં કોઇ એક કે તેથી વધુ વર્ષો માટે પણ લાભ લઇ શકે છે. કોઇ કાયદાની બાકી વસુલાત જેટલા વર્ષોની હોય તે તમામ વર્ષો માટે ફરજીયાત આ યોજના હેઠળ અરજી કરવી જરુરી નથી.

પ્રશ્ન ૨.૭ જો વેપારીની આકારણી, ફેરઆકારણી કે ફેરતપાસ જેવી કોઇ જ કાર્યવાહી ના થઇ હોય છતાં વેપારી સ્વમેળે જવાબદારી જાહેર કરી આ યોજનાનો લાભ લઇ શકે ?

જવાબ હા. જો વેપારીની આકારણી, ફેરઆકારણી કે ફેરતપાસ જેવી કોઇ જ કાર્યવાહી ના થઇ હોય છતાં વેપારી સ્વમેળે જવાબદારી જાહેર કરી આ યોજનાનો લાભ લઇ શકે.

પ્રશ્ન ૨.૮ જો વેપારીને આકારણી, ફેરઆકારણી કે ફેરતપાસની નોટીસ અધિકારી દ્વારા આપવામાં આવેલ હોય અને તે કાર્યવાહી ચાલુ હોય તેવા કેસમાં પણ વેપારી લાભ મેળવી શકે ?

જવાબ હા. આકારણી, ફેરઆકારણી કે ફેરતપાસની નોટીસ અધિકારી દ્વારા આપવામાં આવેલ હોય અને તે કાર્યવાહી ચાલુ હોય તેવા કેસમાં પણ વેપારી સ્વમેળે જવાબદારી જાહેર કરીને યોજનાનો લાભ મેળવી શકે છે.

પ્રશ્ન ૨.૯ જો વેપારીને આકારણી, ફેરઆકારણી કે ફેરતપાસની નોટીસ અધિકારી દ્વારા આપવામાં આવેલ હોય અને તે કાર્યવાહી ચાલુ કરેલ ના હોય તેવા કેસમાં પણ વેપારી લાભ મેળવી શકે ?

જવાબ હા. વેપારીને આકારણી, ફેરઆકારણી કે ફેરતપાસની નોટીસ અધિકારી દ્વારા આપવામાં આવેલ હોય અને તે કાર્યવાહી ચાલુ કરેલ ના હોય તેવા કેસમાં પણ વેપારી સ્વમેળે જવાબદારી જાહેર કરીને યોજનાનો લાભ મેળવી શકે.

પ્રશ્ન ૨.૧૦ જો વેપારીને આકારણી કે ફેરઆકારણીની નોટીસ અધિકારી દ્વારા આપવામાં આવેલ ન હોય અને કોઇ કાર્યવાહી ચાલુ ના હોય તેવા કેસમાં પણ વેપારી લાભ મેળવી શકે ?

જવાબ હા. જો વેપારીને આકારણી કે ફેરઆકારણીની નોટીસ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના હોય અને તે કાર્યવાહી ચાલુ કરેલ ના હોય તેવા કેસમાં પણ વેપારી સ્વમેળે જવાબદારી જાહેર કરીને યોજનાનો લાભ મેળવી શકે છે એટલે કે સ્વ આકારણીનાં કેસમાં પણ વેપારી સ્વમેળે જવાબદારી જાહેર કરીને યોજનાનો લાભ મેળવી શકે છે.

પ્રશ્ન ૨.૧૧ અપીલ અંગેનો આદેશ પસાર થઇ ગયેલ હોય અને વેપારી તેની સામે આગળ અપીલ કરવા માંગતા ના હોય તો તેમાં કઇ રીતે લાભ મળી શકે ?

જવાબ અપીલ અંગેનો આદેશ પસાર થઇ થયેલ હોય અને વેપારી તેની સામે અપીલ કરવા માંગતા ના હોય તો અપીલ આદેશ મુજબની રકમ માટે લાભ લઇ શકે છે.

પ્રશ્ન ૨.૧૨ અપીલ કાર્યવાહી ચાલુ હોય તો તેવા કેસમાં લાભ મળી શકે ?

જવાબ હા. અપીલ કાર્યવાહી ચાલુ હોય તેવા કેસમાં પણ લાભ મળી શકે, પણ તે માટેની યોજના હેઠળની પ્રક્રિયા અનુસરવાની રહે છે. (વધુ વિગતો માટે અપીલ અંગેનાં FAQ જોવા વિનંતી છે)

પ્રશ્ન ૨.૧૩ અપીલ કાર્યવાહી ચાલુ હોય તો તેવા બધા કેસમાં એક જ રીતે લાભ મેળવવાનો રહે છે છે કે કેમ ?

જવાબ અપીલ કાર્યવાહી ચાલુ હોય તેવા કેસમાં લાભ મેળવવાની બે પધ્ધતિઓ છે.

૧. કેન્દ્રિય વેચાણવેરા કાયદા સિવાયની અપીલો

૨. કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળની અપીલો.

પ્રશ્ન ૨.૧૪ કેન્દ્રિય વેચાણવેરા કાયદા સિવાયની પેન્ડીંગ અપીલમાં કઇ રીતે લાભ મેળવી શકાય ?

જવાબ કેન્દ્રિય વેચાણવેરા કાયદા સિવાયની અપીલની કાર્યવાહી પેન્ડીંગ હોય તો તેમાં નીચે મુજબ લાભ મેળવી શકાય છે.

૧. આવી પડતર અપીલ સંપૂર્ણ પરત ખેંચીને મૂળ આદેશ મુજબનું માંગણું સ્વીકારીને યોજનાની જોગવાઇ અનુસાર લાભ મેળવી શકાય છે.

૨. આવી પડતર અપીલ હેઠળનાં કોઇ એક કે તેથી વધુ મુદા પરત ખેંચીને તે પરત ખેંચેલ મુદા માટે મૂળ આદેશ મુજબનું માંગણું સ્વીકારીને યોજનાની જોગવાઇ અનુસાર લાભ મેળવી શકાય છે. આ કેસમાં બાકીનાં મુદાઓ માટે અપીલ ચાલુ રાખી શકાય છે.

પ્રશ્ન ૨.૧૫ કેન્દ્રિય વેચાણવેરા કાયદા સિવાયની અપીલનાં કોઇ એક કે તેથી વધુ મુદાઓ પરત ખેંચવા હોય તો તેનાં માટે વેપારીએ કઇ રીતે અરજી કરવાની થાય ?

જવાબ કેન્દ્રિય વેચાણવેરા કાયદા સિવાયની અપીલનાં કોઇ એક કે તેથી વધુ મુદાઓ પરત ખેંચવા હોય તો વેપારીએ તે માટે સૌ પ્રથમ અપીલ અધિકારીને તે માટે અરજી કરવાની

રહેશે અને અપીલ અધિકારી સમક્ષ આવા એક કે તેથી વધુ મુદા પરત ખેંચ્યા બાદ આવા પરત ખેંચેલ મુદા કે મુદાઓ માટે મૂળ આદેશ મુજબનું માંગણું સ્વીકારીને સમાધાન યોજનાની ઓનલાઇન અરજી કરવાની રહે.

પ્રશ્ન ૨.૧૬ કેન્દ્રિય વેચાણવેરા કાયદા સિવાયની અપીલમાં એક તે તેથી વધુ મુદાઓ પરત ખેંચીને જો વેપારી સમાધાન યોજનાનો લાભ લે તો બાકીનાં મુદાઓની અપીલ ચાલુ જ રહેશે ?

જવાબ હા. આ કેસમાં બાકીનાં મુદાઓ માટે અપીલ ચાલુ રહેશે.

પ્રશ્ન ૨.૧૭ અપીલ પરત ખેંચવાની અરજી યોજના હેઠળ અરજી કર્યા બાદ કરવાની થાય કે પહેલા ?

જવાબ વેપારીએ સમાધાન યોજના હેઠળ લાભ લેવા માટે સૌ પ્રથમ અપીલ કે અપીલનાં કોઇ કે વધુ મુદાઓ પરત ખેંચવાની અરજી કરવાની થાય અને ત્યારબાદ યોજના હેઠળ લાભ લેવા માટે અરજી કરવાની થાય છે.

પ્રશ્ન ૨.૧૮ કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળની અપીલ પેન્ડીંગ હોય તો યોજના હેઠળ લાભ મળી શકે ?

જવાબ હા. વેપારીની કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળની અપીલ પેન્ડીંગ હોય તો યોજના હેઠળ લાભ મેળવી શકે છે.

પ્રશ્ન ૨.૧૯ કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળની અપીલ પેન્ડીંગ હોય તો વેપારીએ સંપૂર્ણ અપીલ પરત ખેંચીને લાભ લઇ શકે ?

જવાબ હા. કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળની અપીલ પેન્ડીંગ હોય તો વેપારી સંપૂર્ણ અપીલ પરત ખેંચી મૂળ આદેશ મુજબનાં માંગણાને ધ્યાને લઇ યોજનાની જોગવાઇ અનુસાર લાભ લઇ શકે છે.

પ્રશ્ન ૨.૨૦ કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળની અપીલમાં ધારાકીય ફોર્મ્સનો મુદો તથા અન્ય મુદાઓ હોય તો યોજનાનો લાભ લેવા ધારાકીય ફોર્મ્સ સિવાયનાં તમામ મુદાઓ પરત ખેંચવાનાં થાય ?

જવાબ હા. કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળની અપીલમાં ધારાકીય ફોર્મ્સનો મુદો તથા અન્ય મુદાઓ હોય તો યોજનાનો લાભ લેવા ધારાકીય ફોર્મ્સ સિવાયનાં તમામ મુદાઓ પરત ખેંચવાનાં થાય.

ટૂંકમાં કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળની અપીલમાં ધારાકીય ફોર્મ્સ સિવાયનાં તમામ મુદાઓ પરત ખેંચવા વેપારીએ અરજી કરવાની રહે. ત્યારબાદ ધારાકીય ફોર્મ્સ માટે અપીલ અધિકારી દ્વારા કરવામાં આવેલ અપીલ આદેશ કરવામાં આવશે. વેપારી દ્વારા પરત ખેંચેલ મુદાઓ માટે તથા અપીલ આદેશ માટે યોજનાની જોગવાઇ અનુસાર લાભ મળશે.

## ૩. નિયમિત વેપારીને સમાધાન યોજના હેઠળ મળવાપાત્ર લાભ

પ્રશ્ન ૩.૧ સમાધાન યોજના હેઠળ નિયમિત વેપારી કોને કહેવાય ?

જવાબ જે વેપારીઓનાં કેસમાં આકારણી, ફેરઆકારણી, ફેરતપાસ કે અપીલ આદેશમાં અન્વેષણ કાર્યવાહીનાં પરિણામરુપે ટર્નઓવરમાં વધારો કરવામાં આવેલ ન હોય તેવા વેપારીઓને નિયમિત વેપારી ગણવામાં આવશે.

પ્રશ્ન ૩.૨ કોઇ વેપારીનાં કેસમાં માત્ર કલમ ૩૪ (૭) નો દંડ લેવામાં આવેલ હોય અને અન્વેષણની કાર્યવાહીનાં પરિણામે ટર્નઓવરમાં વધારો કરેલ ના હોય તો તેઓને નિયમિત વેપારી ગણાય ?

જવાબ ના. પરંતુ આવા વેપારીઓ નિયમિત વેપારીનાં ધોરણે જ યોજના અંતર્ગત લાભ મેળવી શકશે.

પ્રશ્ન ૩.૩ કોઇ વેપારીનાં કેસમાં અન્વેષણ કાર્યવાહી પરિણામે ટર્નઓવરમાં વધારો કરેલ હોય પરંતુ કલમ ૩૪(૭) નો દંડ લેવામાં આવેલ ન હોય તો આવા વેપારીનો સમાવેશ નિયમિત વેપારીમાં થાય ?

જવાબ ના. આવા વેપારીને સમાધાન યોજના અનુસાર નિયમિત વેપારી ના ગણાય. આવા વેપારીઓ સમાધાન યોજનાનાં પારા ૪.૨ મુજબ લાભ લઇ શકશે.

પ્રશ્ન ૩.૪ જે વેપારીનાં કેસમાં અન્વેષણની કોઇ કાર્યવાહી ના થયેલ પરંતુ એકતરફી આકારણી, ફેરઆકારણી, ફેરતપાસ કે અપીલ આદેશમાં ટર્નઓવરમાં વધારો થયેલ હોય તો આવા વેપારીઓને નિયમિત વેપારી ગણી લાભ મળી શકે ?

જવાબ હા. આવા વેપારીઓ સમાધાન યોજના અનુસાર નિયમિત વેપારી તરીકે લાભ મેળવી શકશે.

પ્રશ્ન ૩.૫ નિયમિત વેપારીઓને યોજના હેઠળ કઇ રીતે લાભ મળે ?

જવાબ નિયમિત વેપારીઓ યોજના હેઠળ આકારણી, ફેરઆકારણી, ફેરતપાસ કે અપીલ આદેશ મુજબનાં માંગણા મુજબનો વેરો ભરપાઇ કરી યોજના હેઠળ વ્યાજ તથા દંડ માફીનો લાભ મેળવી શકે છે.

પ્રશ્ન ૩.૬ નિયમિત વેપારીને મળવાપાત્ર લાભ ઉદાહરણ આપીને સમજાવશો ?

જવાબ કોઇ વેપારીનાં કેસમાં માંગણા મુજબ વેરો રૂ. ૧૦૦૦, વ્યાજ રૂ. ૩૦૦ તથા દંડ રૂ. ૫૦૦ છે. તો આ કેસમાં વેપારી યોજના હેઠળ લાભ લે તો માત્ર વેરાની રકમ રૂ. ૧૦૦૦ ભરીને વ્યાજ તથા દંડ ભરવામાંથી માફી મેળવી શકે છે.

પ્રશ્ન ૩.૭ નિયમિત વેપારીએ માંગણા મુજબની રકમ સામે કોઇ રકમ યોજના અગાઉ ભરેલ હોય તો રકમ બાદ મળે ?

જવાબ હા, આ યોજનામાં વેપારીએ માંગણા મુજબની રકમ સામે જો યોજના અગાઉ જે કોઇ રકમ ભરેલ હોય તે સીધી વેરા સામે જ મજરે આપવામાં આવશે અને બાકી રહેતો વેરો ભરપાઇ કર્યેથી વ્યાજ તથા દંડમાંથી માફી મળે છે.

પ્રશ્ન ૩.૮ આ બાબતને ઉદાહરણ આપીને સમજાવશો ?

જવાબ કોઇ વેપારીનાં કેસમાં માંગણા મુજબ વેરો રૂ. ૧૦૦૦, વ્યાજ રૂ. ૩૦૦ તથા દંડ રૂ. ૫૦૦ છે. તો આ કેસમાં વેપારી યોજના હેઠળ લાભ લે તે અગાઉ દા.ત. રૂ. ૬૦૦ ભરેલ છે. તો વેપારીએ હવે (૧૦૦૦-૬૦૦) રૂ. ૪૦૦ ભરવાનાં રહેશે. રૂ. ૪૦૦ ભરીને વેપારી વ્યાજ તથા દંડ ભરવામાંથી માફી મેળવી શકે છે.

પ્રશ્ન ૩.૯ જો કોઇ વેપારીએ માંગણા મુજબની રકમ સામે ભરેલ રકમ વેરાની રકમ કરતાં વધારે હોય તો તેવી રકમનું રીફંડ મળી શકે ?

જવાબ ના. આવી વધારાની રકમનું રીફંડ ના મળી શકે. દા.ત. કોઇ વેપારીને કોઇ વેપારીનાં કેસમાં માંગણા મુજબ વેરો રૂ. ૧૦૦૦, વ્યાજ રૂ. ૩૦૦ તથા દંડ રૂ. ૫૦૦ છે. તો આ કેસમાં વેપારીએ યોજના હેઠળ અરજી કરી તે પહેલા રૂ. ૧૩૦૦ ભરેલ છે. તે પૈકી રૂ. ૧૦૦૦ યોજના હેઠળ ભરવાપાત્ર તરીકે બાદ કરતાં બાકી રહેતાં રૂ. ૩૦૦ નું યોજના હેઠળ રીફંડ ના મળી શકે તેમજ તે રકમ બીજા વર્ષની ભરવાપાત્ર સામે પણ સરભર ના થઇ શકે.

પ્રશ્ન ૩.૧૦ અન્વેષણની કોઇ કાર્યવાહી થયેલ ના હોય તેવા વેપારીઓની કોઇ વસુલાત બાકી નથી પરંતુ તેઓ જે વર્ષમાં આકારણી કે ફેરઆકારણી થયેલ નથી અથવા તો આકારણી કે ફેરઆકારણી કાર્યવાહી ચાલુમાં નથી તો તેવા વેપારીઓ યોજના હેઠળ લાભ લઇ શકે ?

જવાબ હા. આવા વેપારીઓ પણ સ્વમેળે જવાબદારી જાહેર કરીને લાભ મેળવી શકે છે ?

પ્રશ્ન ૩.૧૧ સ્વમેળે જવાબદારી જાહેર કરવી હોય તો વેપારી તેની ગણતરી કઇ રીતે કરશે ?

જવાબ વેપારીએ જે મુદા માટે વેરો ભરવાનો થતો હોય તે રકમ ભરીને યોજના હેઠળ લાભ મેળવી શકે છે. દા.ત. વેપારીને કોઇ વર્ષમાં અમુક રકમનાં સી ફોર્મ્સ આવેલ ના હોય તો વેપારી જાતે ગણતરી કરીને તફાવતની રકમ સ્વમેળે જાહેર કરીને આ યોજના હેઠળ લાભ મેળવી શકે છે.

પ્રશ્ન ૩.૧૨ જે વેપારીની આકારણી કાર્યવાહી ચાલુ છે તેવા વેપારીઓને અમુક મુદાઓ માટે રકમ ભરવાની થતી હોય તો તેઓ યોજના હેઠળ લાભ લઇ શકે?

જવાબ હા, આવા વેપારીઓ પણ સ્વમેળે જવાબદારી જાહેર કરીને યોજના હેઠળ લાભ લઇ શકે છે.

પ્રશ્ન ૩.૧૩ આકારણી,ફેરઆકારણી કે ફેરતપાસ કાર્યવાહી ચાલુ હોય તેવા કેસમાં લાભ લેવો હોય તો કઇ રીતે ગણતરી કરીને વેરો ભરવાનો થાય ?

જવાબ કોઇ વેપારીની આકારણી, ફેરઆકારણી કે ફેરતપાસ કાર્યવાહી ચાલુ હોય તેવા કેસમાં જો વેપારી લાભ લેવા ઇચ્છે તો તેઓ જે મુદા માટે આકારણી, ફેરઆકારણી કે ફેરતપાસમાં વેરો ઉપસ્થિત થવાની સંભાવના હોય તેટલો અંદાજીત વેરો સ્વમેળે જાહેર કરીને યોજના હેઠળ લાભ મેળવી શકે છે.

પ્રશ્ન ૩.૧૪ આકારણી,ફેરઆકારણી કે ફેરતપાસ કાર્યવાહી ચાલુ હોય તેવા કેસમાં વેપારીએ અમુક રકમ જાહેર કરીને યોજના હેઠળ લાભ લીધેલ હોય તો તેટલી રકમ ઉપરનું વ્યાજ તથા દંડ આકારણી આદેશમાં જ માફ કરવામાં આવશે ?

જવાબ ના. આકારણી,ફેરઆકારણી કે ફેરતપાસ કાર્યવાહી ચાલુ હોય તેવા કેસમાં વેપારીએ અમુક રકમ ભરીને યોજના હેઠળ લાભ લીધેલ હોય તો તેવા કેસમાં આકારણી અધિકારી તેટલા પ્રમાણસર વ્યાજ કે દંડ માફ નહીં કરે. આકારણી આદેશમાં આકારવાપાત્ર વેરો, વ્યાજ દંડ સહિતનું કુલ માંગણું ઉપસ્થિત થશે. ત્યારબાદ ઘટક અધિકારી સ્વમેળે ભરેલ રકમ ધ્યાને લઇ તેનાં પ્રમાણસર વ્યાજ તથા દંડ માફ કરવા અંગે રેમીશન આદેશ કરશે.

પ્રશ્ન ૩.૧૫ પ્રશ્ન નં. ૩.૧૪ ને ઉદાહરણ આપીને સમજાવશો ?

જવાબ દા.ત. કોઇ વેપારીએ વર્ષ ૨૦૧૬-૧૭ માં સ્વમેળે જવાબદારી જાહેર કરી રૂ. ૧,00,000 ભરેલ છે. હવે, ૨૦૧૬-૧૭ ની આકારણીમાં વેરો રૂ. ૨,00,000, વ્યાજ રૂ. ૧,00,000 તથા દંડ રૂ. ૩,00,000 એમ કુલ રૂ. ૬,00,000 નું માંગણું ઉપસ્થિત થાય છે. આ કેસમાં

સ્વમેળે જાહેર કરેલ જવાબદારી રૂ. ૧,૦૦,૦૦૦ હતી. જે યોજના દરમ્યાન ભરપાઇ થયેલ હોય તો વેપારીનાં માંગણા મુજબનાં વેરામાંથી (૨,૦૦,૦૦૦ – ૧,૦૦,૦૦૦) તે બાદ કરી રૂ. ૧,૦૦,૦૦૦ વેરા પેટે ભરવાનાં થશે તથા સ્વમેળે ભરેલ રકમ ૫૦ ટકા હોઇ તેનાં પ્રમાણસર વ્યાજ રૂ. ૫૦,૦૦૦ તથા દંડ રૂ. ૧,૫૦,૦૦૦ રેમીશન આદેશમાં માફ થશે. આ કેસમાં બાકી રકમમાં વેરો રૂ. ૧,૦૦,૦૦૦, વ્યાજ રૂ. ૫૦,૦૦૦ તથા દંડ રૂ. ૧,૫૦,૦૦૦ એમ કુલ ૩,૦૦,૦૦૦ ની વસુલાત બાકી રહેશે.

પ્રશ્ન ૩.૧૬ નિયમિત વેપારીની અપીલ અંગેનો આદેશ થઇ ગયેલ હોય તો તે વેપારી કઇ રીતે લાભ મેળવી શકે ?

જવાબ નિયમિત વેપારીનો અપીલ અંગેનો આદેશ થઇ થયેલ હોય તો અપીલ આદેશ મુજબનો વેરો ભરપાઇ કરીને વ્યાજ તથા દંડમાથી માફી મેળવી શકે છે.

પ્રશ્ન ૩.૧૭ નિયમિત વેપારીએ અપીલ આદેશ મુજબ વેરો ભરીને લાભ લેવા માંગતા હોય પરંતુ તેઓએ પ્રિ-ડીપોઝીટ કરેલ હોય તો તે રકમ ભરવાનાં થતાં વેરા સામે મજરે મળશે ?

જવાબ હા. પ્રિ-ડીપોઝીટ પેટે ભરેલ રકમને આંશિક ભરણું જ ગણવામાં આવે છે. તેથી તે રકમ આ યોજના હેઠળ ભરવાપાત્ર વેરા સામે મજરે આપવામાં આવશે.

પ્રશ્ન ૩.૧૮ નિયમિત વેપારીની અપીલ કાર્યવાહી પેન્ડીંગ હોય તો તેઓને કઇ રીતે લાભ મળી શકે ?

જવાબ નિયમિત વેપારીની પેન્ડીંગ અપીલ અંગે બે રીતે લાભ મેળવી શકાય છે.

૧. કેન્દ્રિય વેચાણવેરા કાયદા સિવાયની પેન્ડીંગ અપીલ.

૨. કેન્દ્રિય વેચાણવેરા કાયદાની પેન્ડીંગ અપીલ.

પ્રશ્ન ૩.૧૯ ઉકત બંને પ્રકારની પેન્ડીંગ અપીલમાં કઇ રીતે લાભ મળી શકે ?

જવાબ આ પ્રશ્નનાં જવાબ માટે અપીલનાં FAQ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩.૨૦ નિયમિત વેપારીનાં કેસમાં મળવાપાત્ર લાભ દાખલો ગણીને સમજાવશો ?

જવાબ આ માટે વેપારી વેબસાઇટ પર નિયમિત વેપારીનાં ઉદહારણરુપ દાખલા જોઇ શકે છે.

## ૪. અન્વેષણનાં કેસોમાં યોજના હેઠળ મળવાપાત્ર લાભ

પ્રશ્ન ૪.૧ નિયમિત વેપારી સિવાય સમાધાન યોજનામાં બીજા કયા વેપારીઓને લાભ મળે ?

જવાબ અન્વેષણનાં કેસોમાં પણ સમાધાન યોજના હેઠળ લાભ મળી શકે છે.

પ્રશ્ન ૪.૨ અન્વેષણ કાર્યવાહીનાં પરિણામે આકારણી, ફેરઆકારણી, ફેરતપાસ કે અપીલ આદેશ થયેલ હોય પરંતુ તેઓનાં ટર્નઓવરમાં વધારો ન થયેલ હોય તો તેઓનો સમાવેશ કઇ કેટેગરીમાં થાય ?

જવાબ અન્વેષણ કાર્યવાહીનાં પરિણામે આકારણી, ફેરઆકારણી, ફેરતપાસ કે અપીલ આદેશ થયેલ હોય પરંતુ જો ટર્નઓવરમાં કોઇ વધારો થયેલ ના હોય તો આવા વેપારીને નિયમિત વેપારીનાં પ્રમાણે જ લાભ મળવાપાત્ર થશે.

પ્રશ્ન ૪.૩ અન્વેષણ કાર્યવાહીનાં પરિણામે આકારણી, ફેરઆકારણી, ફેરતપાસ કે અપીલ આદેશ થયેલ હોય અને તેમાં કલમ ૩૪(૭) નો દંડ થયેલ હોય તેવા વેપારીઓનો સમાવેશ કઇ કેટેગરીમાં થાય ?

જવાબ અન્વેષણ કાર્યવાહીનાં પરિણામે આકારણી, ફેરઆકારણી, ફેરતપાસ કે અપીલ આદેશ થયેલ હોય પરંતુ ટર્નઓવરમાં વધારો ન થયેલ હોય અને તેમાં કલમ ૩૪(૭) નો દંડ થયેલ હોય તેવા વેપારીઓને પણ નિયમિત વેપારીનાં પ્રમાણે જ લાભ મળવાપાત્ર થશે.

પ્રશ્ન ૪.૪ જો કોઇ કેસમાં આકારણી, ફેરઆકારણી, ફેરતપાસ કે અપીલ આદેશમાં ટર્નઓવરમાં વધારો હોય પણ તે કેસ અન્વેષણની કાર્યવાહીનાં પરિણામે ના હોય તો તેનો સમાવેશ કઇ કેટેગરીમાં થાય ?

જવાબ આવા વેપારીઓને નિયમિત વેપારી પ્રમાણે સમાધાન યોજના હેઠળ લાભ મળવાપાત્ર થશે.

પ્રશ્ન ૪.૫ ટર્નઓવરમાં વધારો કરેલ હોય તેવા અન્વેષણનાં કેસોમાં યોજના હેઠળ કઇ રીતે લાભ મળવાપાત્ર થાય ?

જવાબ ટર્નઓવરમાં વધારો કરેલ હોય તેવા અન્વેષણનાં કેસમાં મૂળ માંગણા મુજબનાં વેરાની રકમ (ટર્નઓવરમાં વધારો ધ્યાને લીધા સિવાય) નાં ૧૨૦ ટકા રકમ ભરવામાં આવે તો વ્યાજ તથા દંડની રકમ સંપૂર્ણ માફ કરવામાં આવશે.

પ્રશ્ન ૪.૬ પ્રશ્ન નં. ૪.૫ ને ઉદાહરણ આપીને સમજાવશો ?

જવાબ જો કોઇ અનવેષણનાં કેસમાં ટર્નઓવરમાં વધારો ૧૦૦ ટકા કરેલ હોય તેવા કેસમાં વધારા સહિતનો વેરો દા.ત. રૂ. ૨૦૦૦ છે. તો આ કેસમાં મૂળ માંગણા મુજબની વેરાની ટર્નઓવરમાં વધારો ધ્યાને લીધા સિવાયની રકમ રૂ. ૧૦૦૦ થાય અને તેનાં ૧૨૦ ટકા રકમ રૂ. ૧૨૦૦ થાય. તેથી આ કેસમાં રૂ. ૧૨૦૦ ભરવામાં આવે તો વ્યાજ તથા દંડમાંથી સંપૂર્ણ માફી મળે.

પ્રશ્ન ૪.૭ અન્વેષણનાં કોઇ કેસમાં ટર્નઓવરમાં વધારો ૫૦ ટકા કરેલ હોય તો તેવા કેસમાં પણ મૂળ માંગણા મુજબનાં વેરાની (ટર્નઓવરમાં વધારો ધ્યાને લીધા સિવાય) ૧૨૦ ટકા રકમ લેખે વેરો ભરવાનો થાય ?

જવાબ હા. આ કેસમાં પણ ૧૨૦ ટકા લેખે વેરાની રકમ નકકી કરીને તે ભરવાની થાય.

પ્રશ્ન ૪.૮ અન્વેષણનાં કોઇ કેસમાં ટર્નઓવરમાં વધારો ફકત ૧૦ ટકા જ કરેલ હોય તો તેવા કેસમાં પણ મૂળ માંગણા મુજબનાં વેરાની (ટર્નઓવરમાં વધારો ધ્યાને લીધા સિવાય) ૧૨૦ ટકા રકમ લેખે વેરો ભરવાનો થાય ?

જવાબ હા. આ કેસમાં પણ ૧૨૦ ટકા લેખે વેરાની રકમ નકકી કરીને તે ભરવાની થાય.

પ્રશ્ન ૪.૯ ટર્નઓવરમાં વધારો કરેલ હોય તેવા અન્વેષણનાં કેસમાં વેપારીએ માંગણા મુજબની રકમ સામે કોઇ રકમ યોજના અગાઉ ભરેલ હોય તો રકમ બાદ મળે ?

જવાબ હા, આ યોજનામાં વેપારીએ માંગણા મુજબની રકમ સામે જો યોજના અગાઉ જે કોઇ રકમ ભરેલ હોય તે સીધી વેરા સામે જ મજરે આપવામાં આવશે અને બાકી રહેતો વેરો ભરપાઇ કર્યેથી વ્યાજ તથા દંડમાંથી માફી મળે છે.

પ્રશ્ન ૪.૧૦ પ્રશ્ન નં. ૪.૯ ને ઉદાહરણ આપીને સમજાવશો ?

જવાબ કોઇ વેપારીનાં કેસમાં ૧૦૦ ટકા વધારો કરીને આકારણી કરવામાં આવેલ છે. આકારણી આદેશ મુજબ વેરો રૂ. ૧૦૦૦, વ્યાજ રૂ. ૩૦૦ તથા દંડ રૂ. ૫૦૦ ઉપસ્થિત થયેલ છે. તો આ કેસમાં વેપારી યોજના હેઠળ લાભ લે તે તેઓને મૂળ માંગણા મુજબનાં વેરા (ટર્નઓવરમાં વધારો ધ્યાને લીધા સિવાય) ૫૦૦ રૂ. નાં ૧૨૦ ટકા લેખે ૬૨૦ રૂ. વેરા પેટે ભરવાનાં થાય. જો વેપારીએ અગાઉ રૂ. ૬૦૦ ભરેલ છે. તો વેપારીએ હવે (૬૨૦-૬૦૦) રૂ.

૨૦ ભરવાનાં રહેશે. રૂ. ૨૦ ભરીને વેપારી વ્યાજ તથા દંડ ભરવામાંથી માફી મેળવી શકે છે.

પ્રશ્ન ૪.૧૧ જો કોઇ વેપારીએ માંગણા મુજબની રકમ સામે ભરેલ રકમ વેરાની રકમ કરતાં વધારે હોય તો તેવી રકમનું રીફંડ મળી શકે ?

જવાબ ના. આવી વધારાની રકમનું રીફંડ ના મળી શકે. દા.ત. કોઇ વેપારીને કોઇ વેપારીનાં કેસમાં માંગણા મુજબ વેરો રૂ. ૧૦૦૦, વ્યાજ રૂ. ૩૦૦ તથા દંડ રૂ. ૫૦૦ છે. તો આ કેસમાં વેપારીએ યોજના હેઠળ મૂળ વેરાનાં ૧૨૦ ટકા લેખે રૂ. ૬૨૦ ભરવાનાં થાય છે. વેપારીએ અરજી કરી તે પહેલા રૂ. ૭૨૦ ભરેલ છે. તો બાકી રહેતાં રૂ. ૧૦૦ નું યોજના હેઠળ રીફંડ ના મળી શકે તેમજ તે રકમ બીજી કોઇ પણ વસુલાત સામે પણ સરભર ના થઇ શકે.

પ્રશ્ન ૪.૧૨ કોઇ વેપારીનાં કેસમાં અન્વેષણની કાર્યવાહી કરવામાં આવેલ છે પરંતુ આ કેસમાં હજુ કોઇ આકારણી કે ફેરઆકારણી આદેશ થયેલ નથી તો તેવા કેસમાં વેપારી સ્વમેળે જવાબદારી જાહેર કરીને લાભ લઇ શકે ?

જવાબ હા. આવા વેપારીઓ પણ સ્વમેળે જવાબદારી જાહેર કરીને લાભ મેળવી શકે છે ?

પ્રશ્ન ૪.૧૩ અન્વેષણની કાર્યવાહી થયેલ હોય તેવા વેપારીની આકારણી, ફેરઆકારણી કે ફેરતપાસની કાર્યવાહી ચાલુ છે તેવા વેપારી સ્વમેળે કોઇ રકમ ભરવા માંગતા હોય તો યોજના હેઠળ કેવી રીતે લાભ મેળવી શકશે ?

જવાબ આવા વેપારીઓ સ્વમેળે જવાબદારી જાહેર કરીને યોજના હેઠળ લાભ લઇ શકે છે. વેપારીની આકારણી પૂર્ણ થયા બાદ,

૧) જો આકારણીમાં ટર્નઓવરમાં વધારો થયેલ હોય તો મૂળ વેરાના ૧૨૦ ટકા (ટર્નઓવરમાં વધારો ધ્યાને લીધા સિવાયનાં) લેખે વેરાની સામે સ્વમેળે ભરેલ રકમ ધ્યાને લેવામાં આવશે.

૨) જો આકારણીમાં ટર્નઓવરમાં વધારો ન થયેલ હોય તો વેરોની સામે સ્વમેળે ભરેલ રકમ ધ્યાને લેવામાં આવશે.

પ્રશ્ન ૪.૧૪ કોઇ વેપારીનાં ત્યાં સ્થળતપાસની કામગીરી થયેલ હોય અને આકારણી, ફેરઆકારણી કે ફેરતપાસની કાર્યવાહી હાથ ધરી વેપારીને શો-કોઝ નોટીસ પણ બજાવવામાં આવેલ હોય

પરંતુ આદેશ કરવાનો બાકી હોય તો આવા કેસમાં વેપારી  સ્વમેળે જવાબદારી જાહેર કરીને લાભ લઇ શકે ?

જવાબ હા. કોઇ વેપારીનાં ત્યાં સ્થળતપાસની કામગીરી થયેલ હોય અને આકારણી, ફેરઆકારણી કે ફેરતપાસની કાર્યવાહી હાથ ધરી વેપારીને શો-કોઝ નોટીસ પણ બજાવવામાં આવેલ હોય પરંતુ આદેશ કરવાનો બાકી હોય તો આવા કેસમાં વેપારી શો-કોઝનાં મુદાઓ ધ્યાને લઇ પોતાની રીતે સ્વમેળે જવાબદારી જાહેર કરીને લાભ લઇ શકે.

પ્રશ્ન ૪.૧૫ અન્વેષણનાં કેસમાં જો આકારણી,ફેરઆકારણી કે ફેરતપાસ કાર્યવાહી ચાલુ હોય તેવા કેસમાં વેપારીએ સ્વમેળે અમુક રકમ જાહેર કરીને યોજના હેઠળ લાભ લીધેલ હોય તો તેટલી રકમ ઉપરનું વ્યાજ તથા દંડ આકારણી આદેશમાં જ માફ કરવામાં આવશે ?

જવાબ ના. આકારણી, ફેરઆકારણી કે ફેરતપાસ કાર્યવાહી ચાલુ હોય તેવા કેસમાં વેપારીએ અમુક રકમ ભરીને યોજના હેઠળ લાભ લીધેલ હોય તો તેવા કેસમાં આકારણી અધિકારી તેટલા પ્રમાણસર વ્યાજ કે દંડ માફ નહીં કરે. આકારણી આદેશમાં આકારવાપાત્ર વેરો, વ્યાજ દંડ સહિતનું કુલ માંગણું ઉપસ્થિત થશે. ત્યારબાદ ઘટક અધિકારી સ્વમેળે ભરેલ રકમ ધ્યાને લઇ તેનાં પ્રમાણસર વ્યાજ તથા દંડની માફી અંગે આદેશ કરશે.

પ્રશ્ન ૪.૧૬ ટર્નઓવરમાં વધારો થયેલ હોય તેવા અન્વેષણનાં કેસમાં અપીલ અંગેનો આદેશ થઇ ગયેલ હોય તો તે વેપારી કઇ રીતે લાભ મેળવી શકે ?

જવાબ ટર્નઓવરમાં વધારો થયેલ હોય તેવા અન્વેષણનાં કેસમાં અપીલ અંગેનો આદેશ થઇ ગયેલ હોય તો,

૧) જો અપીલ આદેશમાં ટર્નઓવરમાં વધારો દૂર કરવામાં આવેલ હોય તો નિયમિત વેપારીની જેમ વેરો ભરપાઇ કરીને વ્યાજ તથા દંડમાથી માફી મેળવી શકે છે.

૨) જો અપીલ આદેશમાં ટર્નઓવરમાં વધારો હોય (પછી ભલે મૂળ આદેશથી વધારો ઓછો કરેલ હોય) ટર્નઓવરમાં વધારો કરેલ અન્વેષણનાં કેસની કેટેગરી મુજબ અપીલ આદેશ મુજબનાં વેરાની ૧૨૦ ટકા રકમ (ટર્નઓવરમાં વધારો ધ્યાને લીધા સિવાય) ભરીને વ્યાજ તથા દંડમાથી માફી મેળવી શકે છે.

પ્રશ્ન ૪.૧૭ ટર્નઓવરમાં વધારો થયેલ હોય તેવા અન્વેષણનાં કેસમાં અપીલ આદેશ મુજબ વેપારી વેરો ભરીને લાભ લેવા માંગતા હોય પરંતુ તેઓએ પ્રિ-ડીપોઝીટ કરેલ હોય તો તે રકમ ભરવાનાં થતાં વેરા સામે મજરે મળશે ?

જવાબ હા. પ્રિ-ડીપોઝીટ પેટે ભરેલ રકમને આંશિક ભરણું જ ગણવામાં આવે છે. તેથી તે રકમ યોજના હેઠળ ભરવાપાત્ર વેરા સામે મજરે આપવામાં આવશે.

પ્રશ્ન ૪.૧૮ ટર્નઓવરમાં વધારો થયેલ હોય તેવા અન્વેષણનાં કેસમાં મળવાપાત્ર લાભ દાખલો ગણીને સમજાવશો ?

જવાબ આ માટે વેપારી વેબસાઇટ પર ટર્નઓવરમાં વધારો થયેલ હોય તેવા અન્વેષણનાં ઉદાહરણરુપ દાખલા જોઇ શકે છે.

## ૫. સ્વમેળે જવાબદારી જાહેર કરતાં વેપારીઓનાં કેસમાં મળવાપાત્ર લાભ

પ્રશ્ન ૫.૧ સ્વમેળે જવાબદારી કેવા કેસમાં જાહેર કરવાની થાય ?

જવાબ જે વેપારીની કોઇ બાકી વસુલાત ના હોય તેવા વર્ષમાં જો વેપારી તેઓની વેરાકીય જવાબદારી અદા કરવા માંગતા હોય તો તેઓ સ્વમેળે જવાબદારી જાહેર કરી શકે છે.

પ્રશ્ન ૫.૨ વેટ કાયદા હેઠળની હાલ ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭ અથવા ૨૦૧૭-૧૮ નાં વર્ષોની આકારણી / ફેરઆકારણીની કાર્યવાહી ચાલુ છે તેમાં વેપારી સ્વમેળે જવાબદારી જાહેર કરીને લાભ લઇ શકે ?

જવાબ હા. વેટ કાયદા હેઠળની હાલ ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭ તથા ૨૦૧૭-૧૮ નાં વર્ષોની આકારણી / ફેરઆકારણીની કાર્યવાહી ચાલુ છે તેમાં વેપારી સ્વમેળે જવાબદારી જાહેર કરીને લાભ લઇ શકે.

પ્રશ્ન ૫.૩ વેટ કાયદા હેઠળની હાલ ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭ તથા ૨૦૧૭-૧૮ નાં વર્ષોની આકારણી / ફેરઆકારણીની નોટીસ વેપારીને આપવામાં આવેલ ના હોય એટલે કે સ્વઆકારણી હોય તો તેવા કેસમાં પણ વેપારી સ્વમેળે જવાબદારી જાહેર કરીને લાભ લઇ શકે ?

જવાબ હા. વેટ કાયદા હેઠળની હાલ ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭ તથા ૨૦૧૭-૧૮ નાં વર્ષોની આકારણી / ફેરઆકારણીની નોટીસ વેપારીને આપવામાં આવેલ ના હોય એટલે કે સ્વઆકારણી હોય તો તેવા કેસમાં પણ વેપારી સ્વમેળે જવાબદારી જાહેર કરીને લાભ લઇ શકે.

પ્રશ્ન ૫.૪ વેપારીની કોઇ વર્ષની આકારણીમાં પસંદગી ના થયેલ હોય અને તેઓનાં જે તે વર્ષનાં ધારાકીય ફોર્મ્સ આવવાનાં બાકી હોય તો યોજના હેઠળ સ્વમેળે જવાબદારી જાહેર કરીને લાભ મેળવી શકે ?

જવાબ હા. વેપારી લાભ મેળવી શકે. દા.ત. ૨૦૦૬-૦૭ થી ૨૦૧૭-૧૮ સુધીનાં વર્ષ દરમ્યાન જે વર્ષોની વેપારીની આકારણી થયેલ ના હોય તે કેસમાં વેપારી જે ધારાકીય ફોર્મ્સ રજુ કરી શકતાં ના હોય તેવા વર્ષમાં સ્વમેળે જવાબદારી જાહેર કરીને યોજનાનો લાભ મેળવી શકે છે.

પ્રશ્ન ૫.૫ હાલ વર્ષ ૨૦૧૫-૧૬ થી ૨૦૧૭-૧૮ ની આકારણી / ફેરઆકારણી કાર્યવાહી ખાતા દ્વારા ચાલી રહેલ છે. કોઇ વેપારીને ઉકત વર્ષોની આકારણી / ફેરઆકારણી માટેની નોટીસ

ખાતા દ્વારા આપવામાં આવેલ નથી તેમાં માત્ર ધારાકીય ફોર્મ્સ માટે જ સ્વમેળે જવાબદારી જાહેર કરી શકે ?

જવાબ વેપારી કોઇ પણ વર્ષ કે જેની સ્વ આકારણી થયેલ છે અથવા આકારણીની નોટીસ આવેલ નથી અથવા આકારણી કાર્યવાહી ચાલુ હોય તેવા વર્ષ માટે માત્ર ધારાકીય ફોર્મ્સ જ નહીં, પરંતુ અન્ય કોઇ પણ મુદા કે મુદાઓ માટે સ્વમેળે જવાબદારી જાહેર કરીને યોજના હેઠળ લાભ મેળવી શકે છે.

પ્રશ્ન ૫.૬ કોઇ વેપારીની કોઇ વર્ષમાં સ્વ આકારણી થયેલ છે અથવા આકારણીની નોટીસ આવેલ નથી અથવા આકારણી કાર્યવાહી ચાલુ હોય તેવા વેપારીને પત્રક મુજબનો વેરો ભરવાનો બાકી છે તો આવા વેપારી સ્વમેળે જવાબદારી જાહેર કરીને યોજનાનો લાભ મેળવી શકે ?

જવાબ હા. આવા વેપારીઓ પણ સ્વમેળે પત્રક મુજબનો વેરો ભરીને યોજનાનો લાભ મેળવી શકે છે. તેમજ તે સિવાય પણ કોઇ મુદા અન્વયે સ્વમેળે જવાબદારી જાહેર કરીને યોજનાનો લાભ લઇ શકે છે.

પ્રશ્ન ૫.૭ સ્વમેળે લાભ લેવા માંગતા વેપારીઓને કઇ કેટેગરી મુજબ લાભ મળે ?

જવાબ સ્વમેળે જવાબદારી જાહેર કરવા માંગતા વેપારીઓને,

(૧) નિયમિત વેપારી અથવા

(૨) ટર્નઓવરમાં વધારો કરેલ હોય તેવા અન્વેષણનાં કેસો

એમ બે પૈકી તેમને લાગુ પડતી કેટેગરી અનુસાર લાભ મળવાપાત્ર થાય.

પ્રશ્ન ૫.૮ સ્વમેળે જવાબદારી જાહેર કરવા માંગતા વેપારીઓને યોજના હેઠળ કઇ રીતે લાભ મળે ?

જવાબ જવાબ માટે નિયમિત વેપારીને મળવાપાત્ર લાભનાં FAQ તથા અન્વેષણનાં કેસમાં મળવાપાત્ર લાભનાં FAQ જોવા વિનંતી છે.

## ૬. ફકત વ્યાજ કે દંડનાં આદેશ થયેલ હોય તેવા વેપારીઓનાં કેસમાં મળવાપાત્ર લાભ

પ્રશ્ન ૬.૧ જે કેસમાં આકારણી, ફેરઆકારણી, ફેરતપાસ કે અપીલ આદેશ અનુસાર વ્યાજ અને દંડનો આદેશ થયેલ હોય તો તેવા કેસમાં યોજના હેઠળ લાભ મળી શકે ?

જવાબ હા. આવા કેસમાં પણ યોજના હેઠળ લાભ મળી શકે.

પ્રશ્ન ૬.૨ બોગસ બીલીંગનાં કેસમાં પણ ફકત દંડકીય આદેશ થયેલ હોય છે, તો આવા કેસમાં પણ યોજના હેઠળ લાભ મળી શકે ?

જવાબ ના. બોગસ બીલીંગનાં કેસમાં વેટ કાયદાની કલમ ૩૧ હેઠળ ફકત દંડકીય આદેશ હોવા છતાં યોજના હેઠળ લાભ ના મળે. યોજના હેઠળ આવા વેપારીઓને લાભ લેવામાંથી બાકાત રાખવામાં આવેલ છે.

પ્રશ્ન ૬.3 બોગસ બીલીંગ કરનાર વેપારી પાસેથી ખરીદી કરનાર વેપારી આ યોજના હેઠળ લાભ મેળવી શકે ?

જવાબ હા. બોગસ બીલીંગ કરનાર વેપારી પાસેથી ખરીદી કરનાર વેપારી આ યોજના હેઠળ લાભ મેળવી શકે.

પ્રશ્ન ૬.૪ પ્રશ્ન નં. ૬.3 ને ઉદાહરણ આપી વધારે સ્પષ્ટ કરશો ?

જવાબ દા.ત. A નામનાં વેપારીએ બોગસ બીલીંગ કરેલ છે અને તેથી A નામનાં વેપારીનો નોંધણી નંબર Ab-initio રદ કરવામાં આવેલ છે. અહીં A નામનાં વેપારીનાં કેસમાં કલમ ૩૧ હેઠળનો દંડકીય આદેશ થયેલ હશે. આ કેસમાં A નામનાં વેપારીને યોજના હેઠળ લાભ નહીં મળે. પરંતુ A નામનાં વેપારી પાસેથી B તથા C નામનાં વેપારીઓ ખરીદીઓ દર્શાવેલ છે અને તેવી ખરીદીઓની વેરાશાખ તેમની આકારણીમાં નામંજૂર થયેલ હોવાથી માંગણું ઉપસ્થિત થયેલ છે. આ કેસમાં B અને C નામનાં વેપારીઓ યોજના હેઠળ લાગુ પડતી કેટેગરીમાં લાભ મેળવી શકે છે.

પ્રશ્ન ૬.૫ કોઇ કેસમાં આકારણી આદેશમાં દંડ કરવાનો બાકી રહી ગયેલ હોવાથી દંડનો આદેશ અલગથી કરવામાં આવેલ હોય તો આવા કેસમાં યોજના હેઠળ લાભ મળી શકે ?

જવાબ હા, આવા કેસમાં યોજના હેઠળ લાભ મળી શકે.

પ્રશ્ન ૬.૬ કોઇ કેસમાં આકારણી આદેશમાં વ્યાજ આકારવાનું રહી ગયેલ હોય કે ઓછુ આકારેલ હોય અને પછી અલગથી માત્ર વ્યાજનો આદેશ કરવામાં આવેલ હોય તો આવા કેસમાં યોજના હેઠળ લાભ મળી શકે ?

જવાબ હા, આવા કેસમાં યોજના હેઠળ ૨૦ ટકા રકમ ભરીને લાભ મળી શકે.

પ્રશ્ન ૬.૭ વેટ કાયદા હેઠળ પત્રક દંડનો અલગ આદેશ થયેલ હોય તેવા કેસમાં પણ લાભ મળવાપાત્ર થાય ?

જવાબ હા. આવા કેસમાં યોજના હેઠળ ૨૦ ટકા રકમ ભરીને લાભ મળી શકે.

પ્રશ્ન ૬.૮ વેપારીએ તેઓને થયેલ પત્રક દંડ સામે અપીલ કરેલ હોય તો તેવા કેસમાં કઇ રીતે લાભ મેળવવાનો થાય ?

જવાબ પત્રક દંડ થયેલ હોય તેવા કેસમાં વેપારી અપીલ સંપૂર્ણપણે પરત ખેંચીને લાભ મેળવી શકે.

પ્રશ્ન ૬.૯ ફકત વ્યાજ કે દંડનો આદેશ થયેલ હોય તેવા કેસમાં લાભની ગણતરી કઇ રીતે કરવાની થાય ?

જવાબ ફકત વ્યાજ કે દંડનો આદેશ થયેલ હોય તેવા કેસમાં યોજના મુજબ જો વ્યાજ કે દંડની રકમની ૨૦ ટકા રકમ ભરવામાં આવે તો બાકીની તમામ રકમ સંપૂર્ણ માફ કરવામાં આવશે.

પ્રશ્ન ૬.૧૦ ફકત વ્યાજ કે દંડનો આદેશ થયેલ હોય તેવા કેસમાં વેપારીએ આંશિક ભરણું કરેલ હોય તો તે મજરે મળશે ?

જવાબ હા, ફકત વ્યાજ કે દંડનો આદેશ થયેલ હોય તેવા કેસમાં જો વેપારીએ આંશિક ભરણું કરેલ હોય તો તે ભરવાપાત્ર રકમ સામે મજરે આપવામાં આવશે.

પ્રશ્ન ૬.૧૧ ફકત વ્યાજ કે દંડનો આદેશ થયેલ હોય તે કેસમાં વેપારીએ કરેલ આંશિક ભરણું યોજના અનુસાર ભરવાપાત્ર ૨૦ ટકા રકમ કરતાં વધારે હોય તો વધારે ભરાયેલ વ્યાજ કે દંડનું રીફંડ મળી શકશે ?

જવાબ ના. ફકત વ્યાજ કે દંડનો આદેશ થયેલ હોય તે કેસમાં વેપારીએ કરેલ આંશિક ભરણું યોજના અનુસાર ભરવાપાત્ર ૨૦ ટકા રકમ કરતાં વધારે હોય તો વધારે ભરાયેલ વ્યાજ કે

દંડનું રીફંડ મળી શકશે નહીં તેમજ અન્ય કોઇ બાકી જવાબદારી સામે પણ સરભર થઇ શકશે નહીં.

## ૭. મોટર સ્પીરીટ ટેક્ષેશન એકટ, સુગરકેન પરચેઝ ટેકસ એકટ તથા એન્ટ્રી ટેક્ષનાં વેપારીઓનાં કેસમાં મળવાપાત્ર લાભ

પ્રશ્ન ૭.૧ ઉપરનાં કાયદા હેઠળની કોઇ બાકી વસુલાત હોય તો તેવા વેપારીઓને યોજના હેઠળ લાભ મળવાપાત્ર થાય ?

જવાબ હા. આવા વેપારીને પણ યોજના હેઠળ લાભ મળવાપાત્ર થાય.

પ્રશ્ન ૭.૨ ઉકત કાયદાઓની બાકી વસુલાત માટે કઇ રીતે લાભ મળવાપાત્ર થાય.

જવાબ જો વેપારી

૧) નિયમિત વેપારીની કેટેગરીમાં પડતા હોય તો તેઓને વેરો ભરવાથી વ્યાજ તથા દંડમાંથી સંપૂર્ણ માફી મળવાપાત્ર થાય.

૨) ટર્નઓવરમાં વધારો કરેલ હોય તેવા અન્વેષણનાં કેસની કેટેગરીમાં પડતા હોય તો માંગણા મુજબના વેરાની ૧૨૦ ટકા (ટર્નઓવરમાં વધારો ધ્યાને લીધા સિવાય) ભરવાથી વ્યાજ અને દંડમાંથી સંપૂર્ણ માફી મળવાપાત્ર થાય.

પ્રશ્ન ૭.3 ઉકત કાયદાનાં વેપારીનાં કેસમાં કોઇ વસુલાત બાકી ના હોય છતાં તેઓની જવાબદારી બનતી હોય તો તેઓ કઇ રીતે યોજનાનો લાભ મેળવી શકે ?

જવાબ આવા વેપારીએ સ્વમેળે જવાબદારી જાહેર કરીને યોજનાનો લાભ મેળવી શકે.

પ્રશ્ન ૭.૪ ઉકત કાયદા હેઠળનાં વેપારીઓની અપીલ કાર્યવાહી ચાલુ હોય તો તેઓને લાભ મળવાપાત્ર થાય ?

જવાબ હા. વેપારી અપીલ સંપૂર્ણ પરત ખેંચીને મૂળ આદેશ મુજબનું માંગણું સ્વીકારીને યોજના મુજબ લાભ મેળવી શકે છે. વધુમાં અપીલમાં કોઇ એક કે તેથી વધુ મુદાઓ પરત ખેંચીને પણ યોજના હેઠળ લાભ મેળવી શકે છે.

પ્રશ્ન ૭.૫ જો અપીલ કોઇ એક કે તેથી વધુ મુદાઓ માટે પરત ખેંચે તો તેમાં કઇ રીતે લાભ મળવાપાત્ર થાય ?

જવાબ વેપારી જો એક કે તેથી વધુ મુદાઓ માટે અપીલ પરત ખેંચે તો તેટલા મુદાઓ પૂરતો મૂળ આદેશ અનુસાર માંગણું સ્વીકારીને લાગુ પડતી કેટેગરી (૧) નિયમિત (૨) ટર્નઓવરમાં વધારો થયેલ હોય તેવા અનવેષણનાં કેસ તરીકે લાભ મેળવી શકે છે.

પ્રશ્ન ૭.૬ જો વેપારી અપીલ પરત ખેંચીને લાભ મેળવે તો તેઓને આંશિક ભરણું વેરા સામે મજરે આપવામાં આવશે ?

જવાબ હા. આંશિક ભરણું કે પ્રિ-ડીપોઝીટ વેરા સામે મજરે આપવામાં આવશે.

## ૮. કેન્દ્રિય વેચાણવેરા કાયદા સિવાયની પેન્ડીંગ અપીલનાં કેસમાં મળવાપાત્ર લાભ

પ્રશ્ન ૮.૧ કેન્દ્રિય વેચાણવેરા કાયદા સિવાયની પેન્ડીંગ અપીલનાં કેસમાં યોજના હેઠળ લાભ મળી શકે ?

જવાબ હા. કેન્દ્રિય વેચાણવેરા કાયદા સિવાયની પેન્ડીંગ અપીલનાં કેસમાં યોજના હેઠળ લાભ મળી શકે.

પ્રશ્ન ૮.૨ કેન્દ્રિય વેચાણવેરા કાયદા સિવાયની પેન્ડીંગ અપીલનાં કેસમાં યોજના હેઠળ યોજના હેઠળ કઇ રીતે લાભ મળી શકે ?

જવાબ કેન્દ્રિય વેચાણવેરા કાયદા સિવાયની પેન્ડીંગ અપીલનાં કેસમાં યોજના હેઠળ નીચે મુજબ લાભ મળી શકે.

૧) અપીલ સંપૂર્ણ પરત ખેંચીને

૨) અપીલનાં કોઇ એક કે તેથી વધુ મુદાઓ પરત ખેંચીને.

પ્રશ્ન ૮.3 કેન્દ્રિય વેચાણવેરા કાયદા સિવાયની પેન્ડીંગ અપીલ સંપૂર્ણ પરત ખેંચીને લાભ લેવા માટે શું કાર્યવાહી કરવાની થાય ?

જવાબ કેન્દ્રિય વેચાણવેરા કાયદા સિવાયની પેન્ડીંગ અપીલ વેપારી સંપૂર્ણ પરત ખેંચવા માંગતા હોય તો તેઓએ અપીલ અધિકારીને અરજી કરીને અપીલ સંપૂર્ણ પરત ખેંચવાની રહેશે.

પ્રશ્ન ૮.૪ વેપારી અપીલ સંપૂર્ણ પરત ખેંચી લે પછી વેપારીએ શું કાર્યવાહી કરવાની થાય ?

જવાબ વેપારી અપીલ સંપૂર્ણ પરત ખેંચી લે પછી તેઓને મૂળ આદેશ મુજબનું માંગણું સ્વીકારીને યોજના હેઠળ લાભ લેવા માટે અરજી કરવાની થાય.

પ્રશ્ન ૮.૫ મૂળ આદેશ મુજબનું માંગણું સ્વીકારીને યોજના અનુસાર લાભ કઇ રીતે મળે ?

જવાબ વેપારી અપીલ પરત ખેંચીને મૂળ આદેશ મુજબનાં માંગણું સ્વીકારીને અરજી કરે ત્યારબાદ તેઓને (૧) નિયમિત વેપારી (૨) ટર્નઓવરમાં વધારો થયેલ હોય તેવા અન્વેષણનાં કેસો એ બેમાંથી જે કેટેગરીમાં પડતા હોય તે મુજબ લાભ મળવાપાત્ર થાય.

પ્રશ્ન ૮.૬ વેપારી અપીલ સંપૂર્ણ પરત ખેંચીને યોજના હેઠળ લાભ મેળવે તેવા કેસમાં તેઓએ કરેલ આંશિક ભરણું વેરા સામે મજરે મળશે ?

જવાબ હા. આંશિક ભરણું યોજના અનુસાર ભરવાપાત્ર થતાં વેરા સામે મજરે મળશે.

પ્રશ્ન ૮.૭ કેન્દ્રિય વેચાણવેરા કાયદા સિવાયની અપીલમાં વેપારી કોઇ એક કે તેથી વધુ મુદા માટે અપીલ પરત ખેંચવા માંગે તો તેનાં માટે વેપારીએ શું કાર્યવાહી કરવાની થાય ?

જવાબ કેન્દ્રિય વેચાણવેરા કાયદા સિવાયની અપીલમાં વેપારી કોઇ એક કે તેથી વધુ મુદા માટે અપીલ પરત ખેંચવા માંગે તો તેઓએ તે માટે અપીલ અધિકારી સમક્ષ અરજી કરવાની થાય. ત્યારબાદ પરત ખેંચેલ મુદા કે મુદાઓ મૂળ આદેશ મુજબનું માંગણું સ્વીકારીને યોજના હેઠળ અરજી કરવાની થાય.

પ્રશ્ન ૮.૮ પરત ખેંચેલ મુદા કે મુદાઓ માટે લાભ કઇ રીતે મળવાપાત્ર થાય ?

જવાબ પરત ખેંચેલ મુદા કે મુદાઓ માટે મૂળ આદેશ મુજબનાં માંગણું સ્વીકારીને અરજી કરે ત્યારબાદ તેઓને (૧) નિયમિત વેપારી (૨) ટર્નઓવરમાં વધારો થયેલ હોય તેવા અન્વેષણનાં કેસો એ બેમાંથી જે કેટેગરીમાં પડતા હોય તે મુજબ લાભ મળવાપાત્ર થાય.

પ્રશ્ન ૮.૯ ઉકત બંને કેટેગરીમાં કઇ રીતે લાભ મળવાપાત્ર થાય ?

જવાબ ૧. નિયમિત વેપારીનાં કેસમાં મૂળ માંગણા મુજબનો વેરો ભરવાથી વ્યાજ અને દંડમાંથી સંપૂર્ણ માફી મળવાપાત્ર થશે.

૨. ટર્નઓવરમાં વધારો થયેલ હોય તેવા કેસમાં મૂળ માંગણા મુજબનાં વેરાની ૧૨૦ ટકા રકમ (ટર્નઓવરમાં વધારો ધ્યાને લીધા સિવાય) ભરવાથી વ્યાજ અને દંડમાંથી સંપૂર્ણ માફી મળવાપાત્ર થશે.

પ્રશ્ન ૮.૧૦ આવી અપીલમાંથી એક કે તેથી વધુ મુદાઓ માટે અપીલ પરત ખેંચેલ હોય તો બાકીનાં મુદા માટે અપીલ ચાલુ રાખી શકાશે ?

જવાબ હા. આવી અપીલમાંથી એક કે તેથી વધુ મુદાઓ માટે અપીલ પરત ખેંચેલ હોય તો બાકીનાં મુદા માટે અપીલ ચાલુ રાખી શકાશે.

પ્રશ્ન ૮.૧૧ વેપારી એક જ મુદાનાં વ્યવહારોને અલગ પાડીને લાભ લઇ શકે ?

જવાબ ના. વેપારી કોઇ એક મુદાનાં વ્યવહારોને અલગ પાડી યોજના હેઠળ લાભ ના લઇ શકે. દાત. વેપારીએ ૨૦ ઇનવોઇસની એક કેન્સલ થયેલ ડીલર પાસેથી ખરીદી કરેલ હોય અને તે ખરીદીની વેરાશાખ આકારણીમાં નામંજૂર થયેલ હોય. તો તેઓ આ ૨૦ ઇનવોઇસ પૈકી ૧૦ ઇનવોઇસ માટે લાભ લે અને ૧૦ ઇનવોઇસ માટે લાભ ના લે તેવું ના કરી શકે. વેપારીએ તમામ ૨૦ ઇનવોઇસ માટે જ લાભ લેવાનો થાય.

પ્રશ્ન ૮.૧૨ વેટ કાયદામાં ઘણા અલગ અલગ કારણોસર વેરાશાખ નામંજૂર કરવામાં આવે છે તો વેરાશાખ ઘટાડાને એક જ મુદો ગણાય કે તેનાં પેટા પ્રકાર માટે લાભ લઇ શકાય ?

જવાબ વેટ કાયદામાં વેરાશાખ ઘટાડો અલગ અલગ કારણોસર કરવામાં આવતો હોય છે તે તમામ પ્રકારનાં ઘટાડાને એક જ મુદો યોજના હેઠળ ગણવામાં આવેલ નથી. વેરાશાખ ઘટાડાનાં પેટા પ્રકારો નકકી કરવામાં આવેલ છે. તે તમામ પેટા પ્રકારને અલગ અલગ મુદો યોજનાં હેઠળ ગણેલ છે.

પ્રશ્ન ૮.૧૩ વેરાશાખ ઘટાડાનાં કયા પેટા પ્રકારને અલગ અલગ મુદો ગણાય ?

જવાબ વેરાશાખ ઘટાડાનાં કેસમાં નીચે મુજબનાં પેટા પ્રકારને અલગ અલગ મુદો ગણાશે.

૧. બ્રાન્ચ ટ્રાન્સફરનો વેરાશાખ ઘટાડો.
૨. આંતરરાજય વેચાણ અન્વયે વેરાશાખ ઘટાડો.
૩. માફી માલનાં અને જોબવર્કનાં પ્રમાણસર વેરાશાખ ઘટાડો.
૪. ફયુઅલનો વેરાશાખ ઘટાડો.
૫. કેપીટલ ગુડસની વેરાશાખ નામંજૂર.
૬. વેચનાર વેપારીએ વેરો ન ભર્યા અંગે, મીસમેચ અંગે વેરાશાખ ઘટાડો.
૭. ક્રેડીટ નોટ અન્વયે વેરાશાખ ઘટાડો.
૮. કેન્સલ / એબઇનીશ્યો કેન્સલ વેપારી પાસેથી કરેલ ખરીદી અંગેનો વેરાશાખ ઘટાડો.
૯. ઉપરોકત સિવાયનાં વેરાશાખ ઘટાડાનાં અન્ય કિસ્સાઓ.

પ્રશ્ન ૮.૧૪ ઉપર જણાવેલ પ્રશ્ન ૮.૧૩ નાં જવાબનાં ક્રમ નંબર ૯ અંગે સમજણ આપશો ?

જવાબ વેરાશાખ ઘટાડાનાં ઉપર પ્રશ્ન ૧૨ નાં જવાબ અનુસાર અનુક્રમ નં. ૧ થી ૮ કિસ્સાઓ અલગ અલગ ગણાશે. તેથી કોઇ વેપારીએ આ ૧ થી ૮ કિસ્સાને અલગ અલગ ગણીને કોઇ એક કે તેથી વધુ મુદા માટે અપીલ પરત ખેંચીને લાભ લઇ શકે. આકારણી આદેશમાં ધારો કે ક્રમ ૧ થી ૮ સિવાયનાં મુદા માટે વેરાશાખ ઘટાડેલ હોય તો વેરાશાખ ઘટાડાનો મુદાનો સમાવેશ ક્રમ ૯ માં થશે. હવે જો વેરાશાખ ઘટાડો જુદા જુદા ત્રણ કારણસર

કરવામાં આવેલ હોય તે તે કારણોનો સમાવશે ક્રમ ૧ થી ૮ માં ના થતો હોય પરંતુ ક્રમ ૯ માં થતો હોય તો તે તમામ ત્રણ મુદાને એક જ મુદો કહેવાશે અને તે તમામ ત્રણ મુદા એક સાથે પરત ખેંચીને યોજના હેઠળ લાભ લઇ શકાય.

પ્રશ્ન ૮.૧૫ આ સિવાય અલગ મુદો કોને કહેવાય તે બાબતે સમાધાન યોજનામાં સ્પષ્ટતા કરવામાં આવેલ છે ?

જવાબ હા. નીચેનાં મુદાઓને અલગ મુદો કહેવાશે.

(અ) વેરાશાખ ઘટાડો (વેરાશાખ ઘટાડામાં પ્રશ્ન નં. ૮.૧૩ અને ૮.૧૪ અનુસાર પેટા પ્રકારને પણ અલગ ગણવામાં આવશે)

(બ) વેરાપાત્ર ટર્નઓવર નકકી કરવા બાબતનો મુદો

(ક) ચીજવસ્તુમાં વેરાનાં દર બાબતનો મુદો

(ડ) એડીશનલ ટેક્ષ ભરવા બાબતનો મુદો

(ઇ) ઉપર સિવાયનાં તમામ મુદાઓ એક જ મુદો ગણાશે.

પ્રશ્ન ૮.૧૬ યોજનામાં કુલ ચાર (અ), (બ), (ક) અને (ડ) એમ મુદાઓ દર્શાવવામાં આવેલ છે. તે સિવાયનાં તમામ મુદાઓ એક જ મુદો ગણાય ?

જવાબ હા. ક્રમ (અ) માં વેરાશાખ ઘટાડાનાં પેટા પ્રકાર માટે લાભ લઇ શકાશે. તે સિવાયનાં બાકીનાં ત્રણ મુદાઓ (બ), (ક) તથા (ડ) રહેશે. તે સિવાય જો આકારણીમાં બાકીનાં મુદા હોય તો તે તમામ મુદાઓને (ઇ) મુજબ એક મુદો ગણીને અપીલ પરત ખેંચીને લાભ લેવાનો રહે.

પ્રશ્ન ૮.૧૭ કોઇ વેપારીનાં કેસમાં આકારણીમાં નીચે મુજબનાં મુદાઓ છે.

૧. બ્રાન્ચ ટ્રાન્સફરનો વેરાશાખ ઘટાડો.

૧. કેન્સલ ડીલરની વેરાશાખ ઘટાડો.

૩. માફી માલની વેરાશાખ ઘટાડો.

તો આ કેસમાં વેપારી ઉકત ત્રણેય મુદાઓને અલગ ગણીને કોઇ એક મુદા માટે લાભ લઇ શકે ?

જવાબ હા. આ કેસમાં વેપારી યોજના અનુસાર ઉકત ત્રણ પેકી કોઇ પણ એક મુદા કે વધારે મુદાઓ માટે લાભ લઇ શકે છે.

પ્રશ્ન ૮.૧૮ કોઇ વેપારીની વેચાણવેરા કાયદાની અપીલમાં નીચે મુજબનાં મુદાઓ છે.

૧. વેરાપાત્ર ટર્નઓવર નકકી કરવાનો મુદો

૨. વેરાનાં દર બાબતનો મુદો

૩. ફોર્મ ૨૪ બી ના વેરાનો મુદો

૪. કલમ ૧૫ બીનાં ખરીદવેરાનો મુદો

તો આ કેસમાં કયા મુદાઓને અલગ ગણી શકાય ?

જવાબ ઉકત કેસમાં યોજનાની જોગવાઇ અનુસાર ક્રમ નં. ૧ તથા ૨ મુજબનો મુદો અલગ અલગ ગણાય. એટલે કે તેમાં કોઇ એક કે બંને માટે લાભ લઇ શકાય. જયારે ક્રમ નં. ૩ તથા ૪ તે સંયુકત રીતે એક જ મુદો ગણાય. તેથી જો વેપારીને લાભ લેવો હોય તો ક્રમ ૩ તથા ૪ ને અલગ પાડી ના શકે પરંતુ બંને મુદાઓ એક સાથે જ પરત ખેંચીને લાભ લઇ શકે.

પ્રશ્ન ૮.૧૯ અપીલ સંપૂર્ણ કે અંશતઃ પરત ખેંચવામાં આવે તે કેસમાં રેમીશન આદેશ અપીલ અધિકારી તેઓનાં અપીલ આદેશમાં કરશે ?

જવાબ ના. અપીલ અધિકારીએ તેઓનાં આદેશમાં રેમીશન આદેશ કરવાનો થતો નથી. પરંતુ અપીલ આદેશ અને બીજી વિગતો ધ્યાને લઇ સંબધિત ઘટકનાં અધિકારી રેમીશન આદેશ પસાર કરશે.

## <u>૯. કેન્દ્રિય વેચાણવેરા કાયદાની પેન્ડીંગ અપીલનાં કેસમાં મળવાપાત્ર લાભ</u>

પ્રશ્ન ૯.૧ કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળની અપીલ પેન્ડીંગ હોય તો યોજના હેઠળ લાભ મળી શકે ?

જવાબ હા. વેપારીની કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળની અપીલ પેન્ડીંગ હોય તો યોજના હેઠળ લાભ મેળવી શકે છે.

પ્રશ્ન ૯.ર કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળની અપીલ પેન્ડીંગ હોય તો વેપારીએ સંપૂર્ણ અપીલ પરત ખેંચીને લાભ લઇ શકે ?

જવાબ હા. કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળની અપીલ પેન્ડીંગ હોય તો વેપારી સંપૂર્ણ અપીલ પરત ખેંચી મૂળ આદેશ મુજબનાં માંગણાને ધ્યાને લઇ યોજનાનો લાભ લઇ શકે છે.

પ્રશ્ન ૯.3 કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળની અપીલ પેન્ડીંગ હોય તો તેમાં વેપારીએ કોઇ એક કે તેથી વધુ મુદાઓ પરત ખેંચી બાકીનાં મુદાઓ માટે અપીલ ચાલુ રાખીને લાભ લઇ શકે ?

જવાબ ના. કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળની અપીલ પેન્ડીંગ હોય તો તેવા કેસમાં કોઇ એક કે તેથી વધુ મુદાઓ પરત ખેંચી બાકીનાં મુદાની અપીલ ચાલુ રાખીને લાભ ના લઇ શકે.

પ્રશ્ન ૯.૪ કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળની અપીલ પેન્ડીંગ હોય તે દરમ્યાન વેપારીનાં ઘણા ધારાકીય ફોર્મ્સ આવી ગયેલ હોય છે તો આવા કેસમાં પણ મૂળ માંગણા મુજબ રકમ ભરીને લાભ મેળવવાનો થાય ?

જવાબ ના. ધારાકીય ફોર્મ્સ માટે યોજનામાં ખાસ જોગવાઇ કરવામાં આવેલ છે.

પ્રશ્ન ૯.૫ ધારાકીય ફોર્મ્સ માટેની કઇ જોગવાઇ છે ?

જવાબ કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળની અપીલ પેન્ડીંગ હોય તેમાં ધારાકીય ફોર્મ્સનો મુદો હોય તથા બીજા એક કે તેથી વધુ મુદાઓ હોય તો વેપારીએ ધારાકીય ફોર્મ્સ સિવાયનાં તમામ મુદાઓ પરત ખેંચવાનાં રહે છે.

પ્રશ્ન ૯.૬ ધારાકીય ફોર્મ્સ સિવાયનાં મુદાઓ પરત ખેંચવા માટે વેપારીએ શું કરવાનું થાય ?

જવાબ કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળની અપીલ પેન્ડીંગ હોય અને તેમાં વેપારી સમાધાન યોજનાનો લાભ લેવા માંગતા હોય તો તેઓએ તા. ૧૦.૦૧.૨૦૨૦ સુધીમાં તે માટે ઘટક અધિકારી તથા અપીલ અધિકારીને અરજી કરવાની થાય. સાથે સાથે ધારાકીય ફોર્મ્સ સિવાયનાં તમામ મુદાઓ પરત ખેચવાનાં થાય છે.

પ્રશ્ન ૯.૭ કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળની અપીલ પેન્ડીંગ હોય તેમાં ધારાકીય ફોર્મ્સ સિવાયનાં મુદા પરત ખેંચ્યા બાદ તે અન્વયે યોજનામાં કેટલી રકમ ભરવાની થાય ?

જવાબ આ કેસમાં ધારાકીય ફોર્મ્સ સિવાયનાં જે મુદાઓ પરત ખેંચેલ હોય તે મુદાઓનાં મૂળ આદેશ મુજબની રકમ ભરપાઇ કરવાની થાય તથા ધારાકીય ફોર્મ્સ અનુસંધાને અપીલ અધિકારીએ કરેલા આદેશ અનુસાર યોજના મુજબ રકમ ભરવાની રહેશે.

પ્રશ્ન ૯.૮ અન્ય મુદાઓ પરત ખેંચ્યા બાદ ધારાકીય ફોર્મ્સ માટેની અપીલ ચાલુ રહેશે કે પૂર્ણ કરવામાં આવશે ?

જવાબ ના. અન્ય મુદાઓ પરત ખેંચ્યા બાદ ધારાકીય ફોર્મ્સ માટેની અપીલ ચાલુ રહેશે અને તે અંગે તા. ૧૫.૦૨.૨૦૨૦ સુધીમાં અપીલ અધિકારી દ્વારા આદેશ કરવામાં આવશે.

પ્રશ્ન ૯.૯ ધારાકીય ફોર્મ્સ માટેની અપીલ આદેશ થયા બાદ જો ફોર્મ્સ આવે તો તેનાં માટે વેપારી આગળ વિવાદ અરજી દાખલ કરી શકે ?

જવાબ ના. સમાધાન યોજનાની અરજી સમયે જ વેપારીએ બીજી અપીલ નહીં કરે તેવી તથા હવે બીજા ફોર્મ્સ રજુ ન કરવા અંગેની બાંહેધરી આપવાની થશે.

પ્રશ્ન ૯.૧૦ બાકી રહેલી ધારાકીય ફોર્મ્સની અપીલ માટે વેપારીએ શું કરવાનું થશે ?

જવાબ બાકી રહેલી ધારાકીય ફોર્મ્સ માટે વેપારીએ તા. ૧૦.૦૧.૨૦૨૦ સુધીમાં (ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં) અપીલ અધિકારીને અપીલનાં ધારાકીય ફોર્મ્સ માટે બે યાદી આપવાની રહેશે.

૧) જે ફોર્મ્સ રજુ કરવા માંગતા હોય તેની યાદી અને ફોર્મસ

૨) જે ફોર્મ્સ રજુ કરી ન શકતાં હોય તેની યાદી.

પ્રશ્ન ૯.૧૧ ઉકત ફોર્મ્સની યાદી તથા ફોર્મ્સ રજુ કરી દીધા બાદ અપીલ અધિકારી કઇ રીતે આદેશ પસાર કરશે ?

જવાબ વેપારીએ રજુ કરેલ અને રજુ ન કરી શકેલ તેવી બે યાદી અપીલ અધિકારી સમક્ષ રજુ કર્યા બાદ અપીલ અધિકારી ફોર્મની TINXYSY અથવા જે તે રાજયમાંથી મળેલ અહેવાલ પરથી ચકાસણી (વેરીફીકેશન) કરશે. ત્યારબાદ અપીલ અધિકારી અપીલ આદેશમાં,

૧) ચકાસણીમાં (વેરીફીકેશન) યોગ્ય જણાય તેવા ફોર્મ્સ માન્ય રાખી નિયત દરે વેરો આકારશે.

૨) વેરીફાઇ ન થાય તેવા ફોર્મ્સ પર પુરા દરે વેરો આકારશે

૩) ખોટા કે બોગસ જણાયેલ ફોર્મ્સ પર પુરા દરે વેરો આકારશે.

૪) રજુ ન થયેલ ફોર્મ્સ પર પુરા દરે વેરો આકારશે.

ત્યારબાદ વેપારીએ પત્રક સાથે ભરેલ વેરો કે પત્રક મુજબ વેરાશાખ સામે ભરવાપાત્ર વેરો એડજસ્ટ કરેલ હોય તે મજરે આપીને અપીલ મુજબ ભરવાપાત્ર વેરો, વ્યાજ તથા દંડ નકકી કરશે.

પ્રશ્ન ૯.૧૨ અપીલ આદેશમાં ઉપરનાં ચારેય મુદાઓ અલગ કઇ રીતે પાડી શકાશે ?

જવાબ અપીલ અધિકારી દ્વારા ઉકત ચારેય મુદાઓનુ ટર્નઓવર તથા ભરવાપાત્ર વેરો સ્પષ્ટ રીતે અલગ દર્શાવી અપીલ આદેશ કરવાનો રહેશે.

પ્રશ્ન ૯.૧૩ અપીલ આદેશ થયા બાદ વેપારીએ શું કરવાનું થાય ?

જવાબ અપીલ આદેશ થયા બાદ વેપારીએ દિન-૭ માં સંબંધિત ઘટક કચેરીમાં અપીલ આદેશની નકલ રજુ કરવાની રહેશે.

પ્રશ્ન ૯.૧૪ વેપારીએ અપીલ આદેશ મુજબનો વેરો યોજના હેઠળ પૂરેપૂરો ભરવાનો થશે ?

જવાબ વેપારીએ અપીલ આદેશનાં,

૧) પ્રશ્ન નં. ૯.૧૧ નાં જવાબનાં ક્રમ (૨) માં જણાવેલ મુદો એટલે કે TINXSYS કે જે તે રાજયમાંથી મળેલ અહેવાલ પરથી વેરીફાઇ ન થયેલ હોય તેવા ફોર્મ્સ (ચીજવસ્તુ પર વેરાનો દર ૫ ટકાથી ઓછો ન હોય તેવા) પર જે વેરો ઉપસિથત થયેલ હોય તેની ૫૦ ટકા રકમ

૨) તે સિવાયનાં તમામ મુદાઓ માટે પૂરેપૂરા વેરાની રકમ

ઉકત બંને રકમ યોજના અનુસાર ભરવાની થાય. આ બંને રકમ યોજનાની જોગવાઇ અનુસાર ભરવાથી જ યોજના હેઠળ લાભ લઇ શકાશે.

પ્રશ્ન ૯.૧૫ કોઇ ચીજવસ્તુ પર વેરાનો દર ૧ ટકા હોય અને તે કેસમાં અપીલ આદેશમાં ફોર્મ્સ વેરીફાઇ ન થતાં હોય તેવા મુદા અન્વયે ઉપસ્થિત થતા વેરાની ૫૦ ટકા રકમ ભરવાથી યોજનાનો લાભ મળશે ?

જવાબ ના. જે ચીજવસ્તુ પર વેરાનો દર ૫ ટકાથી ઓછો હોય તેમાં ફોર્મ્સ વેરીફાઇ ન થતાં હોય તેવા મુદા અન્વયે ઉપસ્થિત થતો વેરાનો ૫૦ ટકા રકમ ભરવાથી યોજનાનો લાભ ના મળે. પરંતુ તે કેસમાં પૂરેપૂરો વેરો ભરવાથી યોજના હેઠળ લાભ મળશે.

પ્રશ્ન ૯.૧૬ પ્રશ્ન નં. ૯.૧૪ નાં જવાબમાં જણાવ્યા મુજબનો અપીલ આદેશ મુજબનો વેરો ભરપાઇ કરવાથી યોજના અનુસાર કયો લાભ મળશે ?

જવાબ પ્રશ્ન નં. ૯.૧૪ માં જવાબમાં જણાવ્યા મુજબનો વેરો ભરપાઇ કરવાથી વેપારીને વ્યાજ તથા દંડમાંથી સંપૂર્ણ માફી મળવાપાત્ર થશે.

પ્રશ્ન ૯.૧૭ વેપારીએ જો આંશિક ભરણું કરેલ હશે તો તે અપીલ આદેશમાં મજરે મળશે ?

જવાબ વેપારીએ જે આંશિક ભરણું કરેલ હશે તે અપીલ આદેશમાં મજરે ના મળે. પરંતુ અપીલ અધિકારી આંશિક ભરણા કે પ્રિ-ડીપોઝીટનો ઉલ્લેખ અપીલ આદેશમાં કરશે. જેથી ઘટક અધિકારી યોજના અન્વયે કરવાનાં થતાં રેમીશન આદેશમાં આંશિક ભરણાને યોજના હેઠળ ભરવાપાત્ર થતાં વેરા સામે મજરે આપશે.

પ્રશ્ન ૯.૧૮ શું આંશિક ભરણું વેરા સામે મજરે મળશે ?

જવાબ હા. ઘટક અધિકારીનાં રેમીશન આદેશમાં આંશિક ભરણું વેરા મજરે મળશે.

પ્રશ્ન ૯.૧૯ કેન્દ્રિય કાયદા અન્વયેની કોઇ અપીલમાં ધારાકીય ફોર્મ્સનો મુદો તથા તે સિવાયનાં બે મુદા એમ કુલ ૩ વિવાદીત મુદ્દાઓ હોય અને જેમાં વેપારી ધારાકીય ફોર્મ્સ સિવાયનાં બાકીનાં બંને મુદાઓ પરત ખેંચે છે અને ધારાકીય ફોર્મ્સ માટેની અપીલ આદેશ પણ તા. ૧૫.૦૨.૨૦૨૦ સુધીમાં પસાર થઇ જાય છે. તો આ કેસમાં વેપારીએ ભરેલ આંશિક ભરણાને કઇ રીતે સરભર કરવામાં આવશે ?

જવાબઃ કેન્દ્રિય કાયદાની અપીલનાં કેસમાં વેપારીએ સમાધાન યોજના હેઠળ અરજી કરેલ હોવાથી વેપારીએ પરત ખેંચેલ મુદાઓ અનવયે ભરવાની થતી રકમ તથા ધારાકીય ફોર્મ્સની

અપીલ અન્વયે ભરવાની થતી રકમ એક સાથે જ નકકી કરવાની હોવાથી તેમજ રેમીશન આદેશ પણ ઉકત બંને મુદાઓનો સાથે કરવાનો થતો હોવાથી આંશિક ભરણા પેટે ભરેલ રકમ મજરે આપવામાં કોઇ પ્રશ્ન ઉદભવશે નહીં. યોજના હેઠળ વેરાની જે રકમ ભરવાની થાય તેની સામે આંશિક ભરણું મજરે આપવામાં આવશે.

પ્રશ્ન ૯.૨૦ કેન્દ્રિય વેચાણવેરા કાયદાની અપીલમાં ધારાકીય ફોર્મ્સ સી, ઇ-૧, ઇ-૨, એફ, એચ,આઇ વગેરે તમામ ફોર્મ્સનાં મુદા હોય અને સાથે સાથે ધારાકીય ફોર્મ્સ સિવાયનાં અન્ય બે મુદા પણ છે. તો આવા કેસમાં વેપારી યોજના હેઠળ લાભ લેવા માંગતા હોય તો તેઓએ શું કરવાનું થશે ?

જવાબ કેન્દ્રિય વેચાણવેરા કાયદાની પડતર અપીલમાં,

૧) વેપારીએ ધારાકીય ફોર્મ્સ સિવાયનાં અન્ય બે મુદા માટે અપીલ પરત ખેંચવાની રહેશે અને તે બે મુદા માટે મૂળ આદેશ મુજબનું માંગણું સ્વીકારી યોજનાની જોગવાઇ અનુસાર લાભ લેવાનો રહેશે.

૨) તમામ પ્રકારનાં ધારાકીય ફોર્મ્સ માટે તા. ૧૦.૦૧.૨૦૨૦ સુધીમાં સમાધાન યોજના માટે લાભ લેવા અરજી સંબંધિત ઘટક તથા અપીલ અધિકારીને કરીને યોજનામાં જણાવેલ રીતે લાભ લેવાનો રહેશે અને તા. ૧૦.૦૧.૨૦૨૦ સુધીમાં રજુ કરવા માંગતા ફોર્મ્સ તથા તેની યાદી અને ન રજુ કરી શકતાં ફોર્મ્સની યાદી અપીલ અધિકારીને રજુ કરવાની રહેશે.

ટૂંકમાં વેપારી ધારાકીય ફોર્મ્સનાં પ્રકાર અનુસાર ભાગ પાડી શકશે નહીં. દા.ત. સી ફોર્મ માટે યોજનામાં લાભ લે તથા બાકીનાં ફોર્મ્સ માટે અપીલ ચાલુ રાખે તેવું કરી શકશે નહીં.

પ્રશ્ન ૯.૨૧ ધારાકીય ફોર્મ્સની અપીલનાં કેસમાં મળવાપાત્ર લાભ દાખલો ગણીને સમજાવશો ?

જવાબ આ માટે વેપારી વેબસાઇટ પર કેન્દ્રિય કાયદા હેઠળની ધારાકીય ફોર્મ્સની અપીલનાં ઉદહારણરુપ દાખલા જોઇ શકે છે.

## <u>૧૦. ખાતા દ્વારા કરવામાં આવેલ અપીલનાં કેસમાં મળવાપાત્ર લાભ</u>

પ્રશ્ન ૧૦.૧ જો ખાતા દ્વારા કોઇ આદેશ સામે ટ્રીબ્યુનલ કે કોર્ટમાં અપીલ થયેલ હોય તો આ યોજના હેઠળ લાભ મળી શકે ?

જવાબ. હા. જો ખાતા દ્વારા કોઇ આદેશ સામે ટ્રીબ્યુનલ કે કોર્ટમાં અપીલ થયેલ હોય તેવા સંજોગોમાં જો વેપારી વિવાદીત માંગણું (ખાતા દ્વારા કરવામાં આવેલ આદેશ મુજબ) સ્વીકારીને આ યોજના હેઠળ રકમ ભરપાઇ કરે તો તેને પણ આ યોજના હેઠળ લાભ મળી શકે છે.

પ્રશ્ન ૧૦.૨. ખાતા દ્વારા કોઇ વેપારીનાં કેસમાં એક કરતા વધુ કાયદાઓ હેઠળ એકથી વધુ વર્ષ માટે અપીલ કરવામાં આવેલ હોય તો તમામ કેસમાં લાભ લેવો પડે ?

જવાબ ના. તમામ કેસોમાં લાભ લેવો ફરજીયાત નથી. ગમે તે કાયદાનાં કોઇ પણ એક કે તેથી વધુ વર્ષ માટે લાભ લઇ શકાય.

પ્રશ્ન ૧૦.3 ખાતા દ્વારા માન. ટ્રિબ્યુનલનાં ચુકાદા સામે નામદાર હાઇકોર્ટમાં અપીલ કરેલ હોય તો વેપારીને મળવાપાત્ર લાભની ગણતરી કઇ રીતે નક્કી થાય ?

જવાબ આ કેસમાં વેપારીએ મૂળ આદેશનું વિવાદિત માંગણું સ્વીકારવાનું થાય અને તે મુજબ યોજના હેઠળ લાભ મળવાપાત્ર થાય.

પ્રશ્ન ૧૦.૪ ખાતા દ્વારા જયારે અપીલ કરવામાં આવેલ હોય તે કેસમાં વિવાદીત રકમ કોને ગણવાની થાય ?

જવાબ ખાતા દ્વારા જયારે અપીલ કરવામાં આવેલ હોય તે કેસમાં ખાતા કરવામાં કરવામાં આવેલ આકારણી, ફેરઆકારણી, ફેરતપાસ કે અપીલ આદેશમાં નક્કી કરેલ માંગણાને વિવાદીત રકમ ગણવાની થાય.

પ્રશ્ન ૧૦.૫ પ્રશ્ન નં. ૧૦.૪ ને ઉદાહરણ આપીને સમજાવશો ?

જવાબ દા.ત. કોઇ વેપારીનાં કેસમાં આકારણી આદેશમાં કોઇ એક ચીજવસ્તુ પર ૧૫ ટકા વેરો આકારેલ હોય, પરંતુ અપીલમાં તે ચીજવસ્તુ ઉપર ૫ ટકા વેરો નક્કી થયેલ હોય અને ખાતાએ અપીલ આદેશ સામે આગળ અપીલ કરેલ હોય તો આ કેસમાં વિવાદીત માંગણું

૧૫ ટકા વેરા પ્રમાણે ગણાશે અને તે મુજબ વેપારી ૧૫ ટકાનું માંગણું સ્વીકારીને આ યોજના મુજબ લાભ લઇ શકશે.

પ્રશ્ન ૧૦.૫ ખાતા દ્વારા કરવામાં આવેલ અપીલનાં કેસમાં કઇ રીતે લાભ મળવાપાત્ર થાય ?

જવાબ ખાતા દ્વારા કરવામાં આવેલ અપીલનાં કેસમાં વેપારીને તેઓને લાગુ પડતી કેટેગરી (૧) નિયમિત વેપારી (૨) ટર્નઓવરમાં વધારો કરવામાં આવેલ હોય તેવા અન્વેષણનાં કેસની જોગવાઇ મુજબ લાભ મેળવી શકે.

## ૧૧. અન્ય બાબતો

પ્રશ્ન-૧૧.૧ આ યોજના હેઠળ મળવા પાત્ર રેમીશનની રકમના આદેશો કયારે અને કોણે કરવાના થાય ?

જવાબઃ આ યોજના હેઠળ વેરા, વ્યાજ અને દંડની જે રકમ રેમીટ કરવાની થાય તે રકમના રેમીશનના આદેશો યોજના મુજબ ભરવાપાત્ર હપ્તાઓની રકમ સંપૂર્ણપણે ભરાયા બાદ સબંધિત ઘટક અધિકારી દ્વારા કરવામાં આવશે.

પ્રશ્ન-૧૧.૨ જો આ સમાધાન યોજના અન્વયે કોઇ વિવાદ ઉપસ્થિત થાય તો તે અંગે આખરી નિર્ણય કરવાની સત્તા કોની રહેશે ?

જવાબઃ આ યોજના અન્વયે મળેલ અરજીની યોગ્યતા અંગે, ભરવાપાત્ર રકમ નકકી કરવા અંગે કે રેમીશનની રકમ અંગે કોઇપણ પ્રકારનો વિવાદ ઉપસ્થિત થાય તો તે અંગે કમિશનરનો નિર્ણય આખરી ગણવામાં આવશે.

પ્રશ્ન-૧૧.૩ જો કોઇ વેપારીએ તા.૧૧/૦૯/૨૦૧૯ ના ઠરાવની જોગવાઇ મુજબ અરજી કરેલ હોય તો શું તેવી અરજી ને આ નવા ઠરાવની જોગવાઇ મુજબ લાભ મળી શકે ?

જવાબઃ હા,અગાઉના તા.૧૧/૦૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃજીએસટી-૧૦૨૦૧૯-૧૦૦૬-ઠ હેઠળ કોઇ વેપારીએ અરજી કરેલ હોય તો આવી અરજીને આ નવા ઠરાવ મુજબ થયેલ છે તેમ ગણીને આ યોજનાનો લાભ આપવામાં આવશે.

પ્રશ્ન-૧૧.૪ તા.૧૧/૦૯/૨૦૧૯ ના ઠરાવ મુજબ કે આ ઠરાવ મુજબ જો કોઇ રકમ ભરાયેલ હોય તો તેનું રીફંડ મળી શકશે ?

જવાબઃ ના, તા.૧૧/૦૯/૨૦૧૯ ના ઠરાવ કે આ નવા ઠરાવ મુજબ કોઇપણ રકમ ભરાયેલ હશે તો તેનું કોઇપણ સંજોગોમાં રીફંડ આપવામાં આવશે નહીં કે અન્ય બાકી વસુલાત સામે સરભર કરવામાં આવશે નહીં.